# એકમ :-1 ચાલો, ઈતિહાસ જાણીએ

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. પ્રાચીન ગ્રીસના લોકો સિંધુ નદીને કયા નામે ઓળખતા હતા ?

A. ઈન્ડિયા B. હિન્ડોસ C. હિન્દ D. ઈન્ડસ

2. “ભારત” એવું નામ કયા પ્રાચીન ગ્રંથમાંથી આપણને જાણવા મળે છે ?

A. ઋગ્વેદ B. યજુર્વેદ C. અથર્વવેદ D. સામવેદ

3. સાલવારીને ઘણીવાર AD ના બદલે બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

A. BC B. CE C. BCE D. DA

4. તાડપત્રો અને ભોજપત્રોનો સમાવેશ નીચેના પૈકી શેમાં કરી શકાય?

A. અભિલેખ B. તામ્રપત્ર C. હસ્તપ્રત D. આપેલ ત્રણેયમાં

5. નીચેના પૈકી શાનો સમાવેશ અભિલેખોમાં કરી શકાય નહીં ?

A. શિલાલેખ B. તાડપત્ર C. સ્તંભલેખ D. આપેલ પૈકી એક પણ નહીં

6. ઈસવીસન પૂર્વે 500માં બનેલી ઐતિહાસિક ઘટનાનો ઈ.સ. 2000 સુધીનો કુલ સમયગાળો આશરે કેટલા વર્ષનો ગણાય?

A. 1500 વર્ષ B. 2500વર્ષ C. 4500 વર્ષ D. આપેલ પૈકી એક પણ નહીં

7. કોઈ સ્થળે ઉત્ખનન કરતાં આજથી 4000 વર્ષ જૂનું મળી આવેલું નગર આશરે કઈ સદીનું ગણી શકાય?

A. 40મી સદી B. ઈ.સ.પૂર્વે 40મીસદી
C. ઈ.સ.20 મીસદી D. ઈ.સ.પૂર્વે 20મી સદી

8. ઈ.સ. પૂર્વેની 5મી સદી એટલે નીચેના પૈકી કયો સમય ગાળો ગણાય ?

A. ઈ.સ. 401 થી ઈ.સ. 500 સુધી B. ઈ.સ.પૂર્વે 401થી ઈ.સ. પૂર્વે 500 સુધી
C. ઈ.સ.પૂર્વે 500 થી ઈ.સ. પૂર્વે 401 સુધી D. ઈ.સ.પૂર્વે 500 થી ઇ.સ.પૂર્વે 600

9. પ્રાચીન સમયમાં ભોજપત્રો શેનાપર લખવામાં આવતા હતા ?

A. તાડના વૃક્ષના પાન પર B. ભૂર્જના વૃક્ષની પાતળી બાહ્ય છાલ પર
C. A અને B બંને D. ભૂર્જના વૃક્ષની પાતળી આંતરછાલ પર

10. ઈ.સ.પૂર્વે 5મી સદીના સિક્કા આશરે કેટલા વર્ષ જૂના ગણાય?

A. 500 વર્ષ B. 1500 વર્ષ C. 2500 વર્ષ D. 1000 વર્ષ

11. ઈતિહાસ માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

A. વર્તમાન સમયના જીવનની સફર કરાવે છે. B. ભૂતકાળના જુદા જ જીવનની સફર કરાવે છે.
C. ભવિષ્યના પડકારોથી વાકેફ કરે છે. D. આપેલ તમામ.

12. પ્રાચીન સમયમાં લખાયેલી હસ્તપ્રતો અંગે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

A. શિલાઓ અને પથ્થરો પર કોતરાયેલી છે.

B. તાડના પર્ણ અને ભૂર્જના વૃક્ષની છાલ પર કોતરેલી જોવા મળે છે.

C. તેમાં સંસ્કૃત પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણો જોવા મળે છે.

D. તેના પર કવિતાઓ,નાટકો,વાર્તાઓ અને મહાકાવ્યો પણ મળી આવ્યા છે.

13. અભિલેખો માટે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

A. તેના પર લખાયેલા લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યા છે.

B. તેના દ્વારા રાજાઓ પ્રજા સાથે સંવાદ કરતા હતા.

C. તેના પર શાસકોના રાજ્ય વિજય ધર્મ અને સંસ્કૃતિની માહિતી અંકિત કરેલ છે.

D. જે પોથી સ્વરૂપે પણ સચવાયેલા છે.

14. તામ્રપત્ર માટે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

A. તાડના પાન પર કોતરીને લખવામાં આવતું લખાણ એટલે તામ્રપત્ર.

B. ગુજરાતમાં મોટી સંખ્યામાં તામ્રપત્રો મળી આવ્યા છે.

C. તેમાં રાજનું નામ, ધર્મ,વહીવટીતંત્ર અને દાનની વિગતો જોવા મળે છે.

D. ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

15. પ્રાચીન સ્થળો પર જઈને ઉત્ખનન કરીને પ્રાચીન માનવસભ્યતાથી અવગત કરાવનારને શું કહેવાય?

A. પુરાતત્વ શાસ્ત્રી B. ઈતિહાસકાર C. પ્રવાસી D. સમાજ સેવક

16. મેગેસ્થનીસનો સમાવેશ નીચેના પૈકી શામાં કરી શકાય છે ?

A. ભારતીય પુરાતત્વશાસ્ત્રી B. ભારતીય ઈતિહાસકાર

C. વિદેશી મુસાફર D. પ્રાચીન ભારતીય શાસક.

17. ભારતમાં આજથી 4500 વર્ષ પહેલા અનેક શહેરો હતા આ બાબતને સાલવારીમાં પણ બીજી કઈ રીતે દર્શાવી શકાય ?

A. ઈસવીસન પૂર્વે 4500માં ભારતમાં અનેક શહેરો અસ્તિત્વમાં હતા.

B. ઈસવીસન પૂર્વે 6500માં ભારતમાં અનેક શહેરો અસ્તિત્વમાં હતા.

C. ઈ.સ. પૂર્વે 2500માં ભારતમાં અનેક શહેરો અસ્તિત્વમાં હતા.

D. આપેલ પૈકી એક પણ નહીં.

18. સિંધુ નદી બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

A. સંસ્કૃત ભાષામાં તેને સિંધુ કહેવાય છે.

B. પ્રાચીન ઈરાનના લોકો તેને હિન્ડોસ કહેતા હતા.

C. પ્રાચીનગ્રીસના લોકો તેને ઈન્ડસ કહેતા હતા.

D. તેના નામ પરથી આપણા દેશનું નામ ભારત પડ્યું.

19. ભરત નામનો માનવ સમૂહ સૌપ્રથમ ભારતના કયા વિસ્તારમાં આવીને વસ્યો હતો ?

(A) ઉત્તર-પૂર્વ ભારતમાં (B) ઉત્તર-પશ્ચિમ ભારતમાં

(C) મધ્યભારતમાં (D) દક્ષિણ ભારતમાં

20. એકવીસમી સદી એટલે નીચેના પૈકી કયો સમય ગાળો?

A. ઈ.સ.2001થીઈ.સ. 2100 સુધીનો B. ઈ.સ 2000 થી ઈ.સ.3000 સુધીનો

C. ઈ.સ. 2100 થીઈ.સ. 2200 સુધીનો D. ઈસવીસનની શરૂઆતથી ઈ.સ.2100 સુધીનો

21. નીચેના પૈકી કઈ ઐતિહાસિક ઘટના સૌથી વધારે જૂની ગણી શકાય?

A. ઈસુ ખ્રિસ્તનો જન્મ.

B. અશોકના શિલાલેખનું લખાણ.

C. ભરત નામના માનવ સમૂહનો ઉત્તર-પશ્ચિમભારતમાં સૌપ્રથમ વસવાટ.

D. આજથી 2500 વર્ષ પહેલા ગંગા નદીની આસપાસના ક્ષેત્રોમાં થયેલો ઘણાંબધાં શહેરોનો વિકાસ.

# એકમ :- 2 આદિમાનવથી સ્થાયી જીવનની સફર

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. આદિમાનવ એટલે શું ?

A. ખુબજ જૂના સમયનો માનવી B. ભટકતું જીવન જીવતો માનવી.

C.નગરમાં રહેતો માનવી D. શિકાર કરી સમય વ્યતીત કરતો માનવી

આદિમાનવ વિશે ઉપરોક્ત કયું વિધાન સાચું નથી ?

A. A અને B B. B અને D C. માત્ર C D. ઉપરોક્ત તમામ

2. ભારતમાં આદિમાનવોના વસવાટના સ્થળો શોધવામાં કોનો સમાવેશ ના કરી શકાય ?

A. શિકારીઓ B. પુરાતત્ત્વશાસ્ત્રીઓ

C. નૃવંશશાસ્ત્રી D. ઈતિહાસકારો

3. શિકારી અને ભટકતું જીવન જીવતા આદિમાનવના સમયને કયો યુગ કહેવાય ?

A. સુવર્ણયુગ B. લોહયુગ C. પાષાણયુગ D. તામ્રયુગ

4. નીચેનામાથી આદિમાનવ માટે કયું વિધાન સુસંગત નથી ?

A. ભીમબેટકામાં આદિમાનવે સિંહ અને વાઘના ચિત્રો દોરેલા છે.

B. વરસાદ અને જંગલી પ્રાણીથી રક્ષણ મેળવવા ગુફામાં રહેતા

C. ભીમબેટકાની ગુફામાં પ્રકૃતિક રંગોથી ચિત્રો દોરેલા છે.

D. આદિમાનવ ખોરાકની શોધમાં ભટકતું જીવન જીવતા.

5. આદિમાનવ પથ્થરનો ઉપયોગ કરતો હતો આ વિધાન સાથે કઈ બાબત સુસંગત નથી ?

A. વનસ્પતિ કાપવા B. મકાન બનાવવા

C. પ્રાણીઓને ચીરી તેમની ચામડી કાઢવા D. વૃક્ષની છાલ કાઢવા

6. સાચું જોડકું બનાવો.

"અ" "બ"

1. ભીમબેટકા P. દક્ષિણ ભારત

2. મેહરગઢ Q.મધ્યપ્રદેશ

3. લાંઘણજ R. ગુજરાત

4. કુર્નુલ S.પાકિસ્તાન

A. 1-S, 2-R, 3-P, 4-Q B. 1-Q, 2-5, 3-R, 4-P

C. 1-R, 2-S, 3-Q, 4-P D. 1-P, 2-S, 3-R, 4-Q

7. નર્મદા નદી કઈ પર્વતમાળા માથી પસાર થાય છે ?

A. અરવલ્લીની પર્વતમાળા B. વિંધ્ય પર્વતમાળા

C. ગિરનાર પર્વતમાળા D. સાતપુડા પર્વતમાળા

8. તમે મધ્ય પ્રદેશના પ્રવાસે છો તો આદિમાનવના વસવાટ માટેનું કયું ઉત્તમ સ્થળ જોશો ?

A. ભીમબેટકાની ગુફાઓ B. ભીમબેટકાની નદીઓ

C. ભીમબેટકાની પર્વતો D. ભીમબેટકાની ખીણો

9. ભીમબેટકાની ગુફાઓમાં આદિમાનવોએ દોરેલા ચિત્રોમાં કઈ બાબત સુસંગત નથી ?

A. વાઘ અને સિંહ B. હરણ C. પક્ષીઓ D. લાકડાના ભાલા

10. સ્થાયી થયેલા આદિમાનવ ખેતી માટે ક્યા ઓજારોનો ઉપયોગ કરતા ના હતા ?

A. છીણી B. ખૂરપી C. દાતરડું D. હળ

11. ઓજારો ચિરાંદ નામના પુરાતન સ્થળથી મળી આવેલ ઓજારો ,બળદ છે આ સ્થળ હાલ ક્યાં આવેલ છે ?

A. મધ્ય પ્રદેશ B. ઉત્તર પ્રદેશ C. કશ્મીર D. બિહાર

12. નીચેના પૈકી ક્યા પુરાતન સ્થળેથી માનવવસાહત અને ગેંડાના અવશેષો મળી આવ્યા છે ?

A. ચિરાંદ B. લાંઘણજ C. મહાગઢ D. મેહરગઢ

13. ઈનામગામ : ......................., મેહરગઢ, ગોળ આકારના ઘર

A. ત્રિકોણ આકારના ઘર B. લંબચોરસ આકારના ઘર

C. ચોરસ આકારના ઘર D. ગોળ આકારના ઘર

14. આદિમાનવના સ્થાયી જીવન માટે નીચેનામાથી કઈ બાબત જવાબદાર હતી ?

A. ખેતીની શરૂઆત B. પશુપાલન

C. ગારામાટી અને ઘાંસના રહેઠાણ ઊભા થવાથી D. ઉપરના તમામ

15. નીચેનામાથી કઈ જોડ ખોટી છે ?

A. મહાગઢા – ચોખા B. મેહરગઢ – ઘઉં C. બુર્જહોમ – મસૂર D. લાંઘણજ – રાખના અવશેષો

16. નીચેનામાથી કઈ જોડ સાચી છે ?

A. ઈનામગામ બાળકોના મૃતદેહોના અવશેષો B. મેહરગઢ જવની ખેતી, ઘઉં

C. લાંઘણજ માનવવસાહતો અને ગેંડો D. આપેલ ત્રણેય

17. સ્થાયી જીવનથી આદિમાનવે કેવી પ્રવૃતિ શરૂ કરી ના હતી ?

A. ઉદ્યોગ B. કૃષિ C. પશુપાલન D. અનાજસંગ્રહ

18. ભારતમાં આવેલા પાષાણકાલીન પુરાતન સ્થળોને ઉત્તર થી દક્ષિણના ક્રમમા ગોઠવો.

A. બુર્જહોમ, બ્રહ્મગિરિ, ઈનામગામ, ભીમબેટકા

B. ભીમબેટકા, બ્રહ્મગિરિ, ઈનામગામ, બુર્જહોમ

C. બુર્જહોમ, ઈનામગામ, બ્રહ્મગિરિ, ભીમબેટકા,

D. ઈનામગામ, બુર્જહોમ, બ્રહ્મગિરિ, ભીમબેટકા,

# એકમ : - ૩ પ્રાચીન નગરો અને ગ્રંથો

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. સંસ્કૃતિ મનુષ્યની કઇ બાબત સાથે સંકળાયેલી છે ?

A. રહેણી કરણી B. બુદ્ધિશક્તિ C. આવડત D. કલા કૌશલ્ય

2. સિંધુ ખીણની સભ્યતાના અવશેષો સૌપ્રથમ કયા નગરમાંથી મળ્યા હતા ?

A. હડપ્પા માંથી B. મોહેંજોદડોમાથી C. કાલીબંગન માંથી D. લોથલમાંથી

3. નીચેનામાંથી કયું સ્થળ હડપ્પીય સભ્યતાનું છે ?

A. હડપ્પા B. મોહેંજોદડો C. કાલીબંગન D. ઉપરના ત્રણે

4. મોહેંજો દડો નગર કઈ નદીના કિનારે વસેલું હતું ?

A. નર્મદા B. ગંગા C. સિંધુ D. બ્રહ્મપુત્ર

5. ભોગાવો અને સાબરમતી નદીઓ વચ્ચે આવેલું હડપ્પા સંસ્કૃતિ સમયનું બંદર અને ઔદ્યોગિક નગર કયું હતું ?

A. હડપ્પા B. મોહેંદડો-જો- C. લોથલ D. રંગપુર

6. ગુજરાતમાં સૌથી વિશાળ ક્ષેત્રમાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો ક્યાંથી મળી આવ્યા છે?

A. ભૂજ B. રાણપુર C. રોજડી D. ધોળાવીરા

7. હડપ્પીય સભ્યતાની સૌથી મોટી લાક્ષણિકતા માટે કયું વિધાન સુસંગત છે ?

A. આયોજન બદ્ધ નગરરચના B. આયોજન બદ્ધ સિંચાઈયોજના

C. વાણિજ્ય વ્યવસ્થા D. આયોજન બદ્ધ ગ્રામ્યરચના

8. સિંધુ ખીણની સભ્યતા ની નગરરચના માં પૂર્વ દિશામાં નીચેનામાંથી શું હતું ?

A. કિલ્લો B. સ્નાનાગર

C. સામાન્ય પ્રજાની વસાહત D. અન્ન ભંડારો

9. તમારે સિંધુ ખીણની સભ્યતા ની નગર રચના માં કિલ્લો જોવો છે તો તમારે નગરની કઈ દિશામાં જવું પડશે ?

A. પૂર્વ B. પશ્ચિમ C. ઉત્તર D. દક્ષિણ

10. હડપ્પીય સભ્યતાની ગટર યોજના માટે નીચેનામાંથી કયું વિધાન સુસંગત છે ?

A. દરેક મકાન નું પાણી નાની ગટરમાં જતું B. નાની ગટરમાંથી પાણી મોટી ગટરમાં જતું

C. મોટી ગટરમાંથી પાણી નગરની બહાર જતું D. આપેલ તમામ

11. સિંધુ ખીણની સભ્યતાનું મુખ્ય નગર કયું ગણવામાં આવે છે?

A. હડપ્પા B. લોથલ C. ધોળાવીરા D. કાલીબંગન

12. કઈ નદીના કિનારેથી હડપ્પા સભ્યતાના અન્ન ભંડારો મળી આવ્યા છે?

A. જેલમ B. રાવી C. સતલુજ D. ભોગાવો

13. રાવી નદીના કિનારેથી હડપ્પીય સભ્યતાના કેટલા અન્નભંડારો મળી આવ્યા છે ?

A.15 B.12 C.20 D.14

14. ભોગાવો નદીના કિનારે સિંધુ ખીણની સભ્યતાનું કયું બંદર આવેલું હતું ?

A.લોથલ B.કરાચી C.મેહરગઢ D.કાલીબંગન

15. લોથલ વિશે કયું વિધાન સુસંગત નથી ?

A.ભોગાવો નદીના કિનારે આવેલું છે. B.વેપારી બંદર અને ઔદ્યોગિક નગર હતું

C.અહીં વખારો અને મણકા બનાવવાની ફેક્ટરી મળી આવેલ છે D.હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર અહીં થતો ન હતો.

16. નીચેનામાંથી કઈ જોડી ખોટી છે ?

A.લોથલ - અમદાવાદ B.ધોળાવીરા – કચ્છ C.કાલિબંગન – ગુજરાત D.ખદીબેટ કચ્છ

17. કબીલાઈ સમુદાયના લોકોને કઈ વસ્તુ માટે યુદ્ધ કરવું સામાન્ય બાબત હતી ?

A.ઘાસનાં મેદાન B.રહેઠાણ માટે C.ખેતી માટે D.પશુઓ માટે

18.ગુજરાતના પ્રાચીન નગરો ની સાચી જોડ કઈ છે ?

A.હડપ્પા, મોહેંદડો-જો-, મેહરગઢ, રાખીગઢી B.લોથલ, રંગપુર, હડપ્પા ,મેહરગઢ

C.રાખીગઢી, રોજડી, રંગપુર, લોથલ D.લોથલ, રંગપુર, રોજડી, ધોળાવીરા

19. નીચેનામાંથી કઈ જોડ સાચી છે ?

A.ધોળાવીરા દ્વિવસ્તરીય નગર રચના - B.લોથલ સ્નાનાગર -

C.મોહેંબંદર – દડો-જો- D.કાલીબંગન કૃષિ ક્રાંતિ નું મુખ્ય મથક-

20. નીચેનામાંથી કઈ બાબતોથી સિંધુ સભ્યતાના લોકો પરિચિત હતા ?

A.તેઓ માટી તાંબાના વાસણો બનાવતા B.સ્ત્રીઓ કુંડળ કંદોરો ઝાંઝર જેવા આભૂષણ પહેરતા

C.વૃક્ષપૂજા, પશુપૂજા, સ્વસ્તિકપૂજા કરતા D.ઉપરોક્ત તમામ

21. નીચે પૈકી કઈ બાબતો સિંધુ સભ્યતા માટે સાચી છે ?

A.સિંધુ ખીણની સભ્યતા સમયની લીપી સુવાચ્ય છે.B.હડપ્પીય સભ્યતાની નગર રચના અસમાન જોવા મળે છે

C.હડપ્પીય સભ્યતામાં પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા ન હતી

D.હડપ્પીય સંસ્કૃતિનું નગર ચોરસ કે લંબચોરસ વિભાગોમાં વહેંચાયેલું હતું

22. નીચેનામાંથી કયું વિધાન ઋગ્વેદના અનુસંધાને સાચું છે ?

A.સમાજ વર્ણ અને જ્ઞાતિઓમાં વહેંચાયેલ હતો.

B.રાવી નદીના કિનારે 15 રાજાઓ વચ્ચે યુદ્ધ થયું.

C. સ્ત્રીઓનું સમાજમાં ઊંચું સ્થાન તથા સ્ત્રી સ્વાતંત્ર્ય હતું.

D.ઋગ્વેદમાં પ્રકૃતિની પૂજા નો ઉલ્લેખ જોવા મળતો નથી.

23.સિંધુ ખીણની સભ્યતા ના પ્રાચીન નગર કાલીબંગન ખાતેથી ક્યા અવશેષો મળી આવેલાં છે ?

A.ખેડેલા ખેતરના અવશેષો B.તાંબાના અવશેષો C.અગ્નિપૂજાના અવશેષો D.ઉપરોક્ત તમામ

24. ગવેષણા એટલે શું?

A.ગાયોનું ધણ B.યુદ્ધ C.રાજકીય સંસ્થા D.રાજ્યનો મુખ્ય આગેવાન

25. કોનો સમાવેશ વેદકાલીન વિદૂષી સ્ત્રીઓમાં થતો નથી ?

A.લોપામુદ્રા B.અપાલા C.ઘોસા D.આમ્રપાલી

# એકમ :- 4 ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. વૈદિક કાળમાં રાજ્ય વ્યવસ્થાનું સ્વરૂપ કેવું હતું ?

A. પ્રમુખશાહી શાસનવ્યવસ્થા B. લોકશાહી શાસનવ્યવસ્થા

C. કબીલાઈ શાસનવ્યવસ્થા D. ગણરાજ્ય શાસનવ્યવસ્થા

2. જનપદ શબ્દ કયા અર્થમાં વપરાતો હતો ?

A. રાજ્ય B. જિલ્લા C. ગામ D. પ્રદેશ

3. ઈસવીસન પૂર્વે છઠ્ઠી સદીમાં ભારતમાં કેટલા મહાજન પદો હતા ?

A.12 B.16 C.17 D.18

4. રાજાશાહી રાજ્યવ્યવસ્થા માં કોને પ્રમુખ ગણવામાં આવતો ?

A.રાજા B.પ્રધાન C.સેનાપતિ D.નાગરિક

5. ગણરાજ્યના રાજ્યવહીવટનું સંચાલન કોના દ્વારા થતું હતું ?

A.મંડળ B.સભા C.રાજા D.સરકાર

6. ગણરાજ્ય સમયમાં ચિત્રાંકન કરેલા વાસણને શું કહેવાતું ?

A.ચિત્રણ B.ધૂસરી C.ચિત્રિત ધૂસરપાત્ર D.માટીના વાસણ

7. પ્રયાગરાજ થી મળેલ ઇંટની દીવાલ આશરે કેટલા વર્ષ પહેલાની ગણાય છે ?

A.2000 B.3000 C.2500 D.3500

8. મહાજન પદો માં કેટલા પ્રકારની રાજ્ય વ્યવસ્થા સ્થાપિત હતી ?

A.3 B.5 C.2 D.4

9. ગણરાજ્ય વિશે કયું વિધાન સાચું નથી ?

A.ગણરાજ્યોમાં ખેડૂતો જમીન ખેડવા લોખંડની કોશ નો ઉપયોગ કરતા

B.સભાનું સ્થળ સંથાગાર તરીકે ઓળખાતું

C.ગણરાજ્યનાં રાજ્ય વહીવટ માટે પ્રમુખ પસંદ કરતા ગણરાજ્યના પ્રમુખને કારોબારી સમિતિ

D.રાજ્ય વહિવટમાં મદદ કરતી

10. વંશ અને સ્થાપક ની સાચી જોડ શોધો.

A.હર્યકવંશ – શિશુનાગ B.નાગવંશ – બિંબિસાર C.નંદવંશ – ધનનંદ D.નંદવંશ - મહાપદ્મનંદ

11. સિકંદરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે મગધ પર કયો રાજા શાસન કરતો હતો ?

A.પોરસ B.ધનનંદ C.અશોક D.શિશુનાગ

12. ગણરાજ્ય રાજ્ય વ્યવસ્થામાં પ્રત્યેક સભ્યને કયો દરજ્જો આપવામાં આવતો હતો ?

A.અમાત્ય B.સેનાપતિ C.પ્રમુખ D.રાજા

13. ગણરાજ્યમાં રાજ્યની બધી સત્તા કોની પાસે રહેતી ?

A.પ્રમુખ B.રાજા C.સભ્યો D.સિપાહી

14. ગણસભા નું સભા સ્થળ કયા નામે ઓળખાતું ?

A.વિધાનસભા B.રાજ્યસભા C.રાજયસભા D.સંથાગાર

15. મહાજનપદ સમયની શાસન વ્યવસ્થામાં ખેડૂતો ખેતીનો કેટલામો ભાગ રાજકોષમાં જમા કરાવતા ?

A.ચોથો B.છઠ્ઠો C.આઠમો D.ત્રીજો

16. ગણરાજ્ય સમયમાં કયા વર્ગને એક માસમાં એક દિવસ રાજ્યને કામ કરી આપવું પડતું ?

A.ખેડૂત B.કારીગર C.સિપાહી D.રાજા

17. મહાજન પદો કયા કાળમાં હતા ?

A.આધુનિક B.મધ્યકાલીન C.પાષાણયુગ D.અનુવૈદિક

18. બંધબેસતા જોડકા જોડો

| "અ" | "બ" |
|---|---|
| 1.લિચ્છવી | A. મિથિલા |
| 2.શાક્ય | B. ઈન્દ્રપ્રસ્થ |
| 3.વિદેહ | C.કપિલવસ્તુ |
| 4.મલ્લ | D.વૈશાલી |
| | E.કુશીનારા |

A. (1-4)(2-1)(3-3)(4-5) B. (1-4)(2-3)(3-5)(4-1)

C. (1-4)(2-3)(3-1)(4-5) D. (1-3)(2-4)(3-1)(4-5)

19. આપણા દેશના લોકો પોતાના શાસકોની પસંદગી કઈ રીતે કરે છે ?

A.મતદાન B.વંશપરંપરાગત C.સભાથી D.એક પણ નહીં

20. કબીલાઈ શાસન વ્યવસ્થા ના વડા ને શું કહેવામાં આવતા ?

A.રાજા B.રાજન્ય C.પ્રધાન D.ઉપરોક્ત તમામ

21. નીચેના પૈકી કયું મહાજનપદ રાજાશાહી રાજ્ય વ્યવસ્થા ધરાવતું હતું ?

A.વજ્જી B.મલ્લ C.અંગ D.વત્સ

22. નીચેના પૈકી કયું મહાજનપદ વર્તમાન ભારત દેશમાં નથી ?

A.ગાંધાર B.અશ્મક C.વત્સ D.અવંતિ

23.પાલી ભાષામાં લખાયેલ કયા ગ્રંથમાં અનુ વૈદિકકાળમાં સોળ મહાજનપદો નો ઉલ્લેખ જોવા મળે છે?

A.મિલિન્દ પાન્હો B.અંગુતરનિકાય C.દિધાનિકાય D.મજ્જીનિકાય

# એકમ :- 5 શાંતિની શોધમાં : બુદ્ધ અને મહાવીર

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. બુધ્ધના પૂર્વજન્મની માહિતી મેળવવા નીચેનામાંથી કયા ગ્રંથનો ઉપયોગ કરશો ?

A. સૂતપિટ્ટક B આગમગ્રંથો C જાતકકથાઓ D અર્થશાસ્ત્ર

2. કપિલવસ્તુ રાજયનું શાસન નીચેનામાંથી કેવા પ્રકારનું હતું ?

1. લોકશાહી
2. ગણરાજ્ય
3. સંઘરાજ્ય

A. માત્ર – 1 B. 1 અને 2 C. 1 અને 3 D. 2 અને 3

3. ગૌતમ બુધ્ધનો જન્મ કયા સમયે થયો હતો ?

A. ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે B. ઈસુ ખ્રિસ્તના જન્મ પછી

C. ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલા D. એક પણ સાચું નથી

4. નીચેનામાથી કયું નામ ગૌતમ બુધ્ધ સાથે જોડાયેલ નથી ?

A. માયાદેવી B. નંદીવર્ધન C. સિધ્ધાર્થ D. ગૌતમી

5. નીચેનામાથી કયું વાક્ય ગૌતમ બુધ્ધ માટે સાચું નથી ?

A. તમના પિતાનું નામ શુધ્ધોધન હતું B. તેમની પાલક માતા મહાદેવી હતા

C. તેમના ગુરુ આલારકલામ હતા D. તેમણે જન્મ આપનાર માતા મહાદેવી

6નીલને ગૌતમ બુધ્ધે પ્રથમ ઉપદેશ આપેલ સ્થળની મુલાકાત લેવી છે,તો કયા રાજ્યના પ્રવાસે જશે ?

A. દિલ્લી B. બંગાળ C. બિહાર D. ઉત્તર પ્રદેશ

7. નીચેનામાથી શાનો સમાવેશ સમ્યક દર્શનમાં થાય છે ?

A. ઉપવાસ કરવા B. ઈચ્છાઓ નો ત્યાગ કરવો C. અન્ન અને જળનો ત્યાગ D. ઊંઘનો ત્યાગ

8. નીચેના પ્રાચીન સ્થળોની હાલના રાજ્યો સાથેની કઈ જોડ સાચી નથી ?

A. બોધિગયા – બિહાર B. સારનાથ – ઉત્તર પ્રદેશ

C. કુશીનારા – ઉત્તર પ્રદેશ D. કપિલવસ્તુ – મધ્ય પ્રદેશ

9. નીચેનામાથી કઈ જોડ સાચી નથી ?

A. સિધ્ધાર્થ – બુધ્ધનું બાળપણનું નામ
B. સિધ્ધાર્થ – મહાવીર સ્વામીના પિતાનું નામ
C. ત્રીશલાદેવી – મહાવીર સ્વામીના માતાનું નામ
D. મહાદેવી – મહાવીર સ્વામીના માતાનું નામ

10. નીચેનામાથી કયું વિધાન સાચું છે ?

વિધાન :- 1 ગૌતમ બુધ્ધનો ઉપદેશ “સમ્યક દર્શન” તરીકે ઓળખાય છે.
વિધાન :- 2 મહાવીર સ્વામીનો ઉપદેશ “ત્રિરત્નના સિધ્ધાંત” તરીકે ઓળખાય છે.

A. માત્ર 1 B. માત્ર 2 C. 1 અને 2 બંને D. એક પણ નહીં

11. નીચેના સ્થળોને ગૌતમ બુધ્ધના જન્મથી નિર્વાણના ક્રમ સંદર્ભે સાચો ક્રમ જણાવો ?

A. બોધિગયા, કપિલવસ્તુ, સારનાથ, કુશીનારા
B. સારનાથ, બોધિગયા, કપિલવસ્તુ, કુશીનારા
C. કુશીનારા,કપિલવસ્તુ,સારનાથ,બોધિગયા
D. કપિલવસ્તુ, બોધિગયા, સારનાથ, કુશીનારા

12. મનસ્વીના ચોવીસ તીર્થકરોની મુર્તિ ને પ્રથમથી છેલ્લે ક્રમમા ગોઠવતા નીચેનામાથી કયા તીર્થકરની મુર્તિ સૌથી છેલ્લે આવશે ?

A. આદિનાથ B. મલ્લિનાથ C. મહાવીર સ્વામી D. પાશ્ર્વનાથ

13. ગૌતમ બુધ્ધ બોધિગયા થી સારનાથ પહોંચ્યા તે દરમ્યાન નીચેનામાથી કઈ ઘટના બની ?

A. તેઓ સિધ્ધાર્થમાંથી બુધ્ધ થયા.
B. તેમનું લગ્ન કરાવવામાં આવ્યું.
C. તેમણે બ્રહમણો સાથે તપસ્યા શરૂ કરી.
D. આપેલ તમામ.

14. ગૌતમ બુધ્ધના જન્મ સ્થળથી કાશી ગણરાજ્ય કઈ દિશામાં આવેલું છે ?

A. ઉત્તર B. પશ્ચિમ C. દક્ષિણ D. ઉત્તર – પશ્ચિમ

15. નીચેનામાથી કૃતિનું કયું તત્ત્વ મહાવીર સ્વામીના પ્રાપ્તિ સાથે સંબંધ ધરાવે છે ?

A. વૃક્ષ B. નદી C. પર્વત D. જંગલ

16. જ્ઞાન પ્રાપ્તિ બાદ સિધ્ધાર્થ બુધ્ધ તરીકે ઓળખાયા તો વર્ધમાન કયા નામથી ઓળખાયા ?

A. સિધ્ધાર્થ B. મહાવીર C. શુદ્ધોધન D. નંદીવર્ધન

17. મહાત્મા ગાંધી સત્ય, અહિંસા અને અસ્તેયના પૂજારી હતા, તો આ વ્રતોનો ઉપદેશ કોને આપ્યો હતો ?

A. ગૌતમ બુધ્ધ B. આદિનાથ C. મહાવીર સ્વામી D. નંદીવર્ધન

18. ઉર્મિલા ઘરમાં જરૂર કરતાં વધારે અનાજનો સંગ્રહ કરે છે તો તે મહાવીર સ્વામીના કયા ઉપદેશનું ઉલ્લંઘન કર્યું કહેવાય ?

A. સત્ય B. અસ્તેય C. બ્રહ્મચર્ય D. અપરિગ્રહ

19. નીચેનામાથી કયું વિધાન સત્ય છે ?

વિધાન :- 1 મહાવીર સ્વામી ગૌતમ બુધ્ધ કરતાં ઓછી ઉમરમાં નિર્વાણ પામ્યા.
વિધાન :- 2 ગૌતમ બુધ્ધ મહાવીર સ્વામી કરતાં વધુ ઉમરે નિર્વાણ પામ્યા.

A. માત્ર 1 B. માત્ર 2 C. 1 અને 2 બંને સાચા D. 1 અને 2 બંને ખોટા

# એકમ :- 6 મૌર્યયુગ : ચંદ્રગુપ્ત અને સમ્રાટ અશોક

પ્રશ્ન.1 - નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. તક્ષશિલા નામનું સ્થળ હાલમાં કયા દેશમાં આવેલું છે ?

A. ભારત B. અફઘાનિસ્તાન C. પાકિસ્તાન D. બાંગલાદેશ

2. નીચેના સ્થળોને ઉત્તર થી દક્ષિણના ક્રમમાં ગોઠવતા કયો ક્રમ સાચો છે ?

A. કલિંગ, સારનાથ, લુમ્બીની, બ્રહ્મગિરી B. બ્રહ્મગિરી, લુમ્બીની, સારનાથ, કલિંગ

C. સારનાથ, લુમ્બીની, બ્રહ્મગિરી, કલિંગ D. લુમ્બીની, સારનાથ, કલિંગ, બ્રહ્મગિરી

3. પાતલીપુત્રથી ગિરનાર કઈ દિશામાં જોવા મળશે ?

A. ઉત્તર B. દક્ષિણ C. પૂર્વ D. પશ્ચિમ

4. સમયકાળ પ્રમાણે મૌર્ય સામ્રાજ્યના રાજાઓનો સાચો ક્રમ કયો છે ?

A. બિન્દુસાર, અશોક, ચન્દ્રગુપ્ત, બૃહદ્રથ B. ચંદ્રગુપ્ત, બિન્દુસાર, અશોક, બૃહદ્રથ

C. બૃહદ્રથ, અશોક, બિન્દુસાર, ચંદ્રગુપ્ત D. અશોક, બૃહદ્રથ, બિન્દુસાર, ચંદ્રગુપ્ત

5. નીચેનામાથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1. ગિરિનગર | a. કર્ણાટક |
| 2. રાષ્ટ્રીય | b. જુનાગઢ |
| 3. મૈસૂર | c. રાજયપાલ |

A. 1 - c, 2 - b, 3 – a B. 1 - a, 2 - c, 3 – b

C. 1- b, 2 - a, 3 – c D. 1 - b, 2 - c, 3 – a

6. નીચે આપેલા વિકલ્પો માથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો .

A. નંદવંશ, મૌર્યવંશ, શુંગવંશ B. શુંગવંશ, નંદવંશ, મૌર્યવંશ

C. શુંગવંશ, મૌર્યવંશ, નંદવંશ D. મૌર્યવંશ, શુંગવંશ, નંદવંશ

7. નૃપા અર્થશાસ્ત્ર નામના ગ્રંથ નું વાંચન કરી રહી છે તો તેની નજર સમક્ષ કયા પાત્રો આવશે ?

A. ચાણક્ય B. ચંદ્રગુપ્ત C. બિન્દુસાર D. આપેલ તમામ

8. ધ્રુવ ગિરનાર પર્વત પરથી મગધની રાજધાની જોવા પ્રયત્ન કરે છે તો તે કઈ દિશામાં નજર દોડાવશે ?

A. ઉત્તર B. દક્ષિણ C. પૂર્વ D. પશ્ચિમ

9. ચન્દ્રગુપ્ત પોતાના જીવનનો અંતિમ સમય વિતાવવા પોતાની રાજધાનીથી દક્ષિણ દિશામાં કયા રાજયમાં જઈ અટકશે ?

A. મહારાષ્ટ્ર B. ગોવા C. કર્ણાટક D. તામિલનાડું.

10. નીચેના માથી કઈ વ્યક્તિનું નામ " ગ્રાન્ડ ટ્રંક રોડ " સાથે સંકળાયેલ નથી ?

A. ચંદ્રગુપ્ત મૌર્ય B. શેરશાહ સૂરી C. અકબર D. ડેલહાઉસી

11. ખ્યાતિ અને વિધિ ગિરનાર પર્વત પર દામોદર કુંડ જોવા જાય છે, તો રસ્તામાં કયા રજાનો શિલાલેખ જોવા મળશે ?

A. અશોક B. ચંદ્રગુપ્ત C. બિન્દુસાર D. બૃહદ્રથ

12. નીચેનામાથી કયું કાર્ય અશોક દ્વારા કરવામાં આવ્યું ના હતું ?

A. તેણે બૌધ્ધ ધર્મને રાજ્યશ્રય આપ્યું B. તેણે વિશ્રામ ગૃહોણું નિર્માણ કરાવ્યુ

C. તેણે પશુબલીની શરૂઆત કરવી D. તેણે કૂવા ખોડાવ્યા

13. ભારતદેશની હાલની શાસનવ્યવસ્થામાં જોવા મળતું વહીવટી તંત્ર મૌર્ય સામ્રાજ્યના વહીવટી તંત્રમાં જોવા મળતું ના હતું આ બાબતે નીચેના વિધાનો ચકાસો.

1. આ વિધાન સાચું છે.

2. આ વિધાન ખોટું છે.

A. માત્ર 1 – સાચું B. માત્ર 2 – સાચું C. બંને સાચા D. બંને ખોટા

14. હાલના સમયમાં ગામનો વડો સરપંચ કહેવાય છે, તો નીચેનામાંથી મૌર્યસામ્રાજ્યના કયા શાસકને સરપંચ કહી શકાય ?

A. ગોપ B. પ્રદેશત્રી C. ગ્રામણી D. સ્થાનિક

15. કાળ સમય પ્રમાણે થયેલા રાજાઓનો સાચો ક્રમ કયો છે ?

A. અશોક, ધનનંદ, બિન્દુસાર, પુષ્યમિત્ર B. ધનનંદ.બિન્દુસાર,અશોક, પુષ્યમિત્ર

C. બિન્દુસાર, પુષ્યમિત્ર, ધનનંદ, અશોક D. પુષ્યમિત્ર, ધનનંદ, બિન્દુસાર, અશોક

16. મૌર્યસામ્રાજ્યની શાસનવ્યવસ્થામાં જોવા મળતા રાષ્ટ્રીયનો હોદ્દો હાલ કયા સ્તરની શાસનવ્યવસ્થામાં જોવા મળે છે ?

A. કેન્દ્ર કક્ષા B. જિલ્લા કક્ષા C. તાલુકા કક્ષા D. રાજ્ય કક્ષા

17. નીચેના જોડકા ચકાસો.

1. ઇન્ડિકા – મેગ્સ્થનિસ

2. અર્થશાસ્ત્ર – વિષ્ણુગુપ્ત

3. મુદ્રારાક્ષસ – વિશાખાદત્ત

A. માત્ર 1 સાચું B. માત્ર 1 અને 2 સાચા C. બધા સાચા D. માત્ર 3 અને 1 સાચા

## એકમ :- 7 ગુપ્ત યુગ અને અન્ય શાસકો

1. નીચેના પૈકી કયું જોડકું ખોટું છે ?

A. શ્રીગુપ્ત- ગુપ્તવંશનો સ્થાપક B. ચંદ્રગુપ્ત પ્રથમ-ગુપ્તસંવતનો આરંભ

C. સમુદ્રગુપ્ત- ગુપ્ત સામ્રાજ્યની મહત્તાનો સર્જક D. સ્કંદગુપ્ત- ગુપ્તયુગનો છેલ્લો રાજા

2. ગુપ્ત સંવતના આરંભ વિશે કયું વિધાન ખોટું છે ?

A. ચંદ્રગુપ્ત પ્રથમનો રાજ્યાભિષેક થયો ત્યારથી તેનો આરંભ થયો હતો.

B. સૌરાષ્ટ્રના વલભી રાજ્યના શાસકોએ પણ તેનો સ્વીકાર કર્યો હતો

C. તેના કારણે હિંદના ઇતિહાસમાં કાળક્રમ અનુસાર ઐતિહાસિક બનાવોની ગોઠવણી શક્ય બની

D. આપેલ પૈકી એક પણ નહિ

3. ગુપ્તવંશના શાસન માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?

A. શ્રીગુપ્ત,ચંદ્રગુપ્તપ્રથમ,સમુદ્રગુપ્ત,વિક્રમાદિત્ય
B. ચંદ્રગુપ્તપ્રથમ,ચંદ્રગુપ્તદ્વિતીય, સમુદ્રગુપ્ત, કુમારગુપ્ત
C. શ્રીગુપ્ત,ચંદ્રગુપ્તપ્રથમ,ઘટોત્કચ, સમુદ્રગુપ્ત
D. શ્રીગુપ્ત, ઘટોત્કચ, ચંદ્રગુપ્તપ્રથમ,સમુદ્રગુપ્ત

4. સમુદ્રગુપ્ત વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

A. તેણે લિચ્છવી કન્યા કુમારદેવી સાથે લગ્ન કર્યા હતા
B. તેના સમયની માહિતી મેહરોલીના લોહસ્તંભ પરથી જાણવા મળે છે
C. તેણે પ્રયાગરાજ અને સાકેત જીતી લઈ મગધનો વિસ્તાર કર્યો હતો
D. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

5. પ્રયાગ પ્રશસ્તિ માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

A. તે એક શિલાલેખ છે.
B. તેના પર સમ્રાટ સમુદ્રગુપ્તની સિદ્‌ધિઓનું વર્ણન છે.
C. તેની રચના રાજકવિ કાલીદાસે કરી હતી.
D. તે દિલ્લી પાસે મેહરોલીમાં આવેલો છે.

6. નીચેના પૈકી કયો શાસક ગુપ્તશાસક નથી ?

A. ચંદ્રગુપ્તમૌર્ય
B. સ્કંદગુપ્ત
C. ઘટોત્કચ
D. ચંદ્રગુપ્તબીજો

7. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજા માટે કઈ બાબત લાગુ પડતું નથી ?

A. શકારી
B. વિક્રમાદિત્ય
C. કવિરાજ
D. વૈષ્ણવ ધર્મ

8. નીચેના પૈકી કયું સ્થાપત્ય ગુપ્તવંશના શાસન દરમિયાન બનેલું ન હતું ?

A. મેહરોલીનો લોહસ્તંભ
B. પ્રયાગરાજ સ્તંભલેખ
C. નાલંદા વિદ્યાપીઠ
D. સારનાથનો લોહસ્તંભ

9. ગુપ્ત શાસનતંત્રના કેન્દ્રીય વહીવટીતંત્રમાં હાથીની સેનાના વડાને કયા નામથી ઓળખવામાં આવતો હતો?

A. મહાપ્રતિહાર
B. મહાબલાધિકૃત
C. પુસ્તપાલ
D. મહાપિલૂપતિ

10. ગુપ્તયુગની શાસન વ્યવસ્થામાં પ્રાન્તને બીજા કયા નામથી ઓળખવામાં આવતું હતું?

A. વિષય
B. ભુક્તિ
C. વિથિ
D. સામ્રાજ્ય

11. ગુપ્તયુગના મહાન સાહિત્યકારોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

A. રાણીવિજ્યા
B. બાણભટ્ટ
C. સ્કંધસ્વામી
D. આર્યસૂર

12. નીચેના પૈકી કયું જોડકુ સાચું છે ?

A. આર્યભટ્ટ-બૃહદસંહિતા
B. વાગ્ભટ્ટ-હર્ષચરિતમ
C. બાણભટ્ટ-કાદંબરી
D. કાલીદાસ-નાગાનંદ

13. નીચેના પૈકી કઈ કૃતિ હર્ષવર્ધન રચિત નથી ?

A. હર્ષચરિતમ્
B. પ્રિયદર્શિકા
C. રત્નાવલી
D. નાગાનંદ

14. ગુપ્ત યુગ દરમિયાન નીચેના પૈકી કયો મુસાફર ભારતના પ્રવાસે આવ્યો હતો?

A. યુઅન શ્વાન્ગ
B. ફાહિયાન
C. મેગેસ્થનીશ
D. ઉપરોક્ત ત્રણેય

15. નીચેના પૈકી કયું જોડકુ ખોટું છે ?

A. કાચી-પલ્લવ વંશનું શાસન
B. વલભી-મૈત્રક વંશનું શાસન
C. કશ્મીર-કર્કોટક વંશનું શાસન
D. રાજસ્થાન-કદંબ વંશનું શાસન

16. ભૃગુકચ્છ અને સ્તંભતીર્થ જેવા ગુજરાતનાં સમૃદ્ધ બંદરો સૌપ્રથમ કયા ગુપ્ત સમ્રાટ ના શાસન દરમિયાન મગધ સામ્રાજ્ય નો ભાગ બન્યા?

A. ચંદ્રગુપ્ત પ્રથમ　B. સમુદ્રગુપ્ત　C. ચંદ્રગુપ્ત બીજો　D. શ્રીગુપ્ત

17. ગુપ્તયુગની શાસન વ્યવસ્થા અંગે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

A. ભુક્તિના વડા પ્રાદેશિક હતા.

B. નગરની વહીવટી વ્યવસ્થામાં ગામના મુખીનો સમાવેશ થતો હતો.

C. ગ્રામ કક્ષાની સમિતિમાં નગરશ્રેષ્ઠી નું વર્ચસ્વ હતું.

D. વહીવટીતંત્રના કેન્દ્ર સ્થાને કાયસ્થ હતો.

# એકમ :- 8 ભારતવર્ષની ભવ્યતા

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. હડપ્પા સંસ્કૃતિના લોકો હળનો ઉપયોગ કરતા હતા.તે કયા અવશેષોના આધારે કહી શકાય ?

A. હળના અવશેષોના આધારે　C. A અને B બંને

B. હળ આકારના રમકડાના અવશેષના આધારે　D. અનુમાનના આધારે

2. લલિતકલામાં નીચેના પૈકી કઈ કલાનો સમાવેશ થતો નથી ?

A. સાહિત્ય　B. સ્થાપત્ય　C. સંગીત　D. નાટક

3. નીચેના પૈકી પ્રાચીન ધર્મેતર સાહિત્ય કયું છે ?

A. વેદો　B. બ્રાહ્મણગ્રંથો　C. સ્મૃતિઓ　D. ત્રિપિટકો

4. નીચેના પૈકી કોનો સમાવેશ પ્રાચીન પુરાણોમાં થાય છે ?

A. માડુક્ય　C. ભાગવત

B. ઈશાવાસ્યમ　D. મુન્ડક

5. નીચેના પૈકી કયું જોડકુ ખોટું છે ?

A. કાલીદાસ-અષ્ટાધ્યાયી　C. શુદ્રક-મૃચ્છકટિકમ

B. ભાસ-સ્વપ્નવાસવદત્તમ　D. ભારવિ-કિરાતાર્જુનિયમ

6. નીચેના પૈકી શાનો સમાવેશ પ્રશસ્તિમાં કરી શકાય ?

A. અષ્ટાધ્યાયી　C. હર્ષચરિતમ

B. અભિજ્ઞાનશાકુંતલમ　D. સિદ્ધહેમશબ્દાનુશાસન

7. નીચેના પૈકી કયું જોડકું ખોટું છે ?

A. ચંદ્રગુપ્તમૌર્ય-મેગેસ્થનીસ　C. ચંદ્રગુપ્તબીજો-ફાહયાન

B. હર્ષવર્ધન-યુઅનશ્વાંગ　D. અશોક - ટોલેમી

8. શાહજીકી ડેરી નીચેના પૈકી શું છે ?

A. ચૈત્ય B. સ્તૂપ C. ગુફા D. મંદિર

9. કઈ પ્રાચીન ભારતીય વિદ્યાપીઠ આજના પાકિસ્તાન દેશમાં આવેલી છે ?

A. નાલંદા B. વલભી C. ઓદંતપુરી D. તક્ષશિલા

10. નીચેના પૈકી કયો ગ્રંથ પ્રાચીન જૈનધર્મ ગ્રંથ છે ?

A. કઝાર B. તંઝર C. મિલિન્દપાલ્નો D. આગમો

11. નીચેના પૈકી પ્રાચીન ભારતીય કાયદાગ્રંથ કયો છે ?

A. સામવેદ
C. રઘુવંશમ
B. મનુસ્મૃતિ
D. ઉપરોક્ત તમામ

12. ગ્રીક અને ભારતીય બંને કલા શૈલીનો સંગમ ધરાવતી કલા કયા નામે ઓળખાય છે ?

A. ગાંધારકલા
C. A અને B બંને
B. મથુરાકલા
D. આપેલ પૈકી એક પણ નહીં

13. વેદોને સમજાવવા માટે રચાયેલા ગ્રંથોને કયા નામે ઓળખવામાં આવે છે ?

A. બ્રાહ્મણગ્રંથો
C. AઅનેB બંને
B. આરણ્યકો
D. આપેલ પૈકી એક પણ નહીં

14. નીચેના પૈકી ધર્મેતર સાહિત્યમાં કોનો સમાવેશ કરી શકાય ?

A. સ્મૃતિઓ
C. પુરાણો
B. ઉપનિષદો
D. આરણ્યકો

15.પ્રાચીન ભારતનાં લોકોના પોશાક બાબતે કયું વિધાન સાચું છે ?

A. નિવિ એટલે ઉપરના ભાગનું વસ્ત્ર
B. વાસ એટલે નીચેના ભાગનું વસ્ત્ર
C. અધિવાસ એટલે ઉપરના વસ્ત્ર ઉપર લપેટવાનું વસ્ત્ર
D. એકપણ નહીં

# એકમ -:9 આપણું ઘર પૃથ્વી

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. સૂર્ય માટે નીચેનામાંથી કયું વિધાન લાગુ પડતું નથી ?

A. સ્વયં પ્રકાશિત તારો છે.
C. સજીવનો પાલક છે.
B. સૌરમંડળનો મુખ્ય સભ્ય છે.
D. પૃથ્વી કરતા ઓછું ગુરુત્વાકર્ષણ બળ ધરાવે છે

2. સૂર્ય નું મુખ્ય આવરણ ............વાયુનુ બનેલુ છે. ઉપરોક્ત વિધાનમાં ખાલી જગ્યા પૂર્ણ કરવા નીચેનામાંથી કયો શબ્દ પસંદ કરશો?

A. હાઈડ્રોજન B. ઓક્સિજન C. હિલિયમ D. નાઈટ્રોજન

3. આપેલા ગ્રહોની શૃંખલા માં કયો ગ્રહ ઉમેરવાથી આંતરિક ગ્રહો ની સંખ્યા પૂર્તિ થશે?

બુધ,શુક્ર,પૃથ્વી....................

A. ગુરુ　　B. મંગળ　　C. શનિ　　D. નેપ્ચ્યુન

4. સૂર્ય અને પૃથ્વીના સંદર્ભે "અ" જૂથના જોડકા ની વિશેષતા ખ્યાલમાં રાખી "બ" જૂથનું સાચું જોડકુ દર્શાવતો વિકલ્પ શોધો.

અ - સૂર્ય - ઉર્જા

બ - પૃથ્વી - ______

A. ગ્રહ　　B. ચંદ્ર　　C. જીવ સૃષ્ટિ　　D. શુક્

5. જે પદાર્થ નું વજન પૃથ્વી પર 5 કિલો ગ્રામ થાય તેનું વજન સૂર્ય સપાટી પર 140 કિલો ગ્રામ થાય. આ ઘટના નીચેના કયા કારણે લાગુ પડે છે ?

A. પૃથ્વી સૂર્ય થી 15 કરોડ કિલોમીટર દૂર છે.

B. સૂર્ય પૃથ્વી કરતા 13 લાખ ગણો મોટો છે.

C. સૂર્યના પ્રકાશને પૃથ્વી પર પહોંચતા 08:15 મિનિટનો સમય લાગે છે.

D. સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતાં 28 ઘણું વધારે છે.

6. સૌર પરિવારના નરી આંખે જોઈ શકાતા ગ્રહો ની સંખ્યા કેટલી છે ?

A. 5

B. 8

C. A,B બંને

D. A,B બંને માંથી એકપણ નહી.

7. નીચેનામાંથી કયા ગ્રહો ની જોડી સૂર્યથી અંતર ના બાબતે તદ્દન વિરોધાભાસ દર્શાવે છે ?

A.બુધ - યુરેનસ

B.પૃથ્વી - શુક્ર

C.બુધ - નેપ્ચ્યુન

D.ગુરુ – યુરેનસ

આપેલી આકૃતિના આધારે પ્રશ્ન 8 થી 12ના જવાબ આપો.




8. બુધ અને મંગળ ગ્રહની વચ્ચે આવેલા ગ્રહની સંખ્યા અને સૌર પરિવારના કુલ ગ્રહોની સંખ્યાની સાચી જોડ દર્શાવતો વિકલ્પ જણાવો.

A. 2,8　　B. 4,8　　C. 3,8　　D. ઉપરના માંથી એક પણ નહિ

9. સૌર પરિવાર માં આવેલો પૃથ્વીનો જોડિયો ભાઈ એટલે __________

A. યુરેનસ B. મંગળ C. શુક્ર D. બુધ

10. શનિ ગ્રહ માટે નીચેનામાંથી કયું વિધાન લાગુ પડતું નથી.

A. તે ગુરુ પછીનો મોટો ગ્રહ છે.

B. શનિને ગુરૂની જેમ જ વલયો આવેલા છે.

C. સૌર પરિવાર માં તે ગુરુ અને યુરેનસની વચ્ચે આવેલો છે.

D. તે નીલા રંગના તેજસ્વી વલયો ધરાવે છે.

11. GPS દ્વારા આપણે કંઈ માહિતી સહેલાઈથી જાણી શકીએ છીએ ?

A. અવકાશમાં પૃથ્વીનું સ્થાન

B. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર

C. કોઈપણ સ્થળના અક્ષાંશ અને રેખાંશ

D. દિવસ રાતની લંબાઈ

12. "અ" વિભાગ ની વિગતો "બ" વિભાગ સાથે જોડી સાચી જોડણી વિશે વિકલ્પ પસંદ કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1 લાલ રંગનો સુંદર ચમકતો ગ્રહ | i બુધ |
| 2 પાઘડીયો ગ્રહ | ii પૃથ્વી |
| 3 ચંદ્ર નામનો ઉપગ્રહ ધરાવતો ગ્રહ | iii મંગળ |
| 4 સૂર્યોદય અને સૂર્યાસ્તમાં થોડો સમય આકાશમાં દેખાતો ગ્રહ | iv શનિ |

A. 1-iii, 2-ii, 3-iv, 4-i C. 1-iii, 2-iv, 3-i, 4-ii


B. 1-iii, 2-iv, 3-ii, 4-i D. 1-iii, 2-iv, 3-iii, 4-i

13). અવકાશમાં તરતા પથ્થરના નાના ટુકડા જે પૃથ્વીની નજીક આવતા પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના લીધે પૃથ્વી તરફ ઝડપથી ખેંચાઈ આવે છે અને વાતાવરણમાં પ્રવેશતા ઘર્ષણના લીધે સળગી ઊઠે છે. આ વિધાનમાં આપણને શેના વિશે માહિતી આપવામાં આવી છે?

A. ધૂમકેતુ C. ઉલ્કા

B. ઉપગ્રહ D. તારા

14. આપેલી આકૃતિમાં નામ નિર્દેશ પૂર્તિ કરવા ખૂટતો શબ્દ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.




A. વિષુવવૃત્ત

B. ઉત્તર ધ્રુવવૃત

C. દક્ષિણ ધ્રુવવૃત

D. ઉપર માંથી એક પણ નહીં

15. જેમ ચંદ્ર ઉપગ્રહ કહેવાય છે તેમ અશ્વિની શું કહેવાય છે ?

A.નક્ષત્રો

B.ઉલ્કા

C.ગ્રહ

D. લઘુગ્રહ

16. સૌર પરિવારના કયા ગ્રહને કુદરતી ઉપગ્રહ નથી ?

A. પૃથ્વી

B. શનિ

C. ગુરુ

D. શુક્ર

17. આપ $0^0$ રેખાંશવૃત્તની મુલાકાત લઈ રહ્યા છો તો આપ કયા દેશ માં હશો ?

A. ઈંગ્લેન્ડ

B. ફ્રાન્સ

C. નોર્વે

D.પોર્ટુગલ

18. કયા બે ગ્રહની વચ્ચે સૌર પરિવારનો સૌથી મોટો ગ્રહ આવેલો છે ?

A. મંગળ અને શનિ

B. યુરેનસ અને ગુરુ

C. શુક્ર અને મંગળ

D. પૃથ્વી અને ગુરુ

19. સૌર પરિવારના આગળના બે ગ્રહો અને પાછળના બે ગ્રહોની કઈ શૃંખલા સાચી છે ?

A. બુધ, શુક્ર, પૃથ્વી, નેપ્ચ્યુન

B. બુધ, શુક્ર, યુરેનસ, નેપ્ચ્યુન

C. બુધ, શુક્ર, શનિ, યુરેનસ

D. બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ

20. નીચેનામાંથી કઈ માહિતી યુરેનસ ગ્રહ ને લાગુ પડે છે ?

A. વિલિયમ હર્ષલ

B.ખુબ જ ઠંડો ગ્રહ

C. A અને B બંને

D. બંને માંથી એકપણ નહી

21. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા સાથે સુસંગત મહાસાગર કયો છે?

A. હિંદ મહાસાગર

B. એટલેન્ટીક મહાસાગર

C. પેસિફિક મહાસાગર

D. આર્કટીક મહાસાગર

22.પેસિફિક મહાસાગરમાં સોમવારે આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા ઓળંગી એક જહાજ પૂર્વ ગોળાર્ધમાં પહોંચે છે તો ત્યાં કયો વાર આવશે?

A. મંગળવાર B. સોમવાર C. બુધવાર D. રવિવાર

23. સમશીતોષણ કટિબંધને અનુલક્ષી નીચેનામાંથી કયો શબ્દ લાગુ પડે છે ?

A. અતિશય ગરમી

B. સપ્રમાણ ગરમી-ઠંડી

C. સખત ઠંડી

D. ઉપરના બધાજ

24. $90^0$ ઉત્તર અક્ષાંશ વૃત્ત=.......................................= શીત કટિબંધ. આ વાક્યમાં સમાનતા દર્શાવવા નીચેનામાંથી કયો વિકલ્પ પસંદ કરશો?

A. ઉત્તર ધ્રુવવૃત્ત

B. વિષુવવૃત્ત

C. ઉત્તર ધ્રુવ

D. દક્ષિણ ધ્રુવ

25. પૃથ્વીનું પરિભ્રમણ = 24 કલાક , તો પૃથ્વીનું પરીક્રમણ=......................કલાક

A. અંદાજે 8866 કલાક

B. અંદાજે 8766 કલાક

C. અંદાજે 8966 કલાક

D. અંદાજે 8666 કલાક

26. દર ચાર વર્ષે કયા મહિનામાં કેટલા દિવસ ઉમેરવાથી લીપવર્ષ બનશે ?

A. ફેબ્રુઆરી, 28

B. ફેબ્રુઆરી, 29

C. ફેબ્રુઆરી, 2

D. ફેબ્રુઆરી, 1

27. વિષુવદિનની સંકલ્પના સ્પષ્ટ કરવા નીચેનામાંથી કયું વિધાન બંધ બેસતું છે ?

A. 21 મી માર્ચ અને 23 મી સપ્ટેમ્બરે સૂર્યના કિરણો વિષુવવૃત્ત પર સીધા પડે છે.

B. દિવસ અને રાત લાંબા-ટૂંકા થાય છે.

C. A અને B બન્ને

D. એક પણ નહિ

28. "પૃથ્વી પોતાની ધરી પર $23.5^0$ અને કક્ષા સાથે $66.5^0$ નો ખૂણો બનાવીને ફરે છે" આ વિધાન બાબતે નીચેનામાંથી બંધ બેસતો વિકલ્પ શોધો.

A. આ વિધાન અંશતઃ સાચું છે.

B. આ વિધાન સંપૂર્ણ સાચું છે.

C. આ વિધાન ખોટું છે.

D. ઉપરના માંથીએક પણ નહિ.

29. પૃથ્વી પર દિવસ રાતની લંબાઈમાં ફેરફાર થવાની ઘટના નીચેનામાંથી કયા કારણ સાથે સંબંધિત છે?

A. પૃથ્વીનું ધરી નમન

B. પૃથ્વીનું લંબગોળાકાર કક્ષામાં પરીક્રમણ

C. પૃથ્વીનો ધ્રુવ પ્રદેશ આગળ ચપટો આકાર

D. ઉપરના ત્રણેય

30. અ ) 21 મી જૂન -કર્કવૃત્ત

બ) 22 મી ડીસેમ્બર- મકરવૃત્ત

ઉપરના "અ" અને "બ" વિધાન સાથે સુસંગતતા ધરાવતું વિધાન નીચેના વિકલ્પમાંથી શોધો.

A. સૂર્યના કિરણો બરાબર સીધા પડે છે.

B. સૂર્યના કિરણો ત્રાંસા પડે છે.

C. દિવસ-રાત સરખાં હોય છે.

D. ઉપરના માંથી એક પણ નહિ

31. જ્યારે ભારતમાં ઉનાળાની ઋતુ અનુભવાતી હશે ત્યારે નીચેનામાંથી કયા દેશમાં શિયાળાની ઋતુ અનુભવાતી હશે ?

A. કેનેડા

B. અમેરિકા

C. ભૂટાન

D. ઓસ્ટ્રેલીયા

32. એક સાથે શિયાળાની ઋતુ અનુભવતા દેશોની શૃંખલા પૂર્ણ કરવા નીચેનામાંથી કયા વિકલ્પની પસંદગી કરશો?

ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ,આર્જેન્ટીના,,...............

A. મેક્સિકો

B. દક્ષિણ આફ્રિકા

C. રશિયા

D. ભારત

33. ચંદ્ર માટે નીચેનામાંથી કયું વિધાન લાગુ પાડી શકાય નહીં?

A.ચંદ્ર પૃથ્વીનો એકમાત્ર કુદરતી ઉપગ્રહ છે.

B. ચંદ્ર પર વાતાવરણ નથી.

C. ચંદ્ર પરપ્રકાશિત છે.

D. ચંદ્રને પોતાની ધરી પર એક આટો પૂરો કરતા આશરે 29.5 કલાક લાગે છે.

34. સૂર્યગ્રહણની ઘટના માટે સૂર્ય ,પૃથ્વી અને ચંદ્રની સ્થિતિની કઈ જોડ સાચી છે ?

A. પૃથ્વી- ચંદ્ર- સૂર્ય.

B. સૂર્ય -પૃથ્વી- ચંદ્ર.

C. ચંદ્ર- સૂર્ય -પૃથ્વી.

D. ઉપરના માંથી એક પણ નહીં.

35. સૂર્યનો ક્રાંતિવૃત અને વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે .આ છેદનબિંદુને.........કહે છે.

A. સંપાત દિવસ.

B. ક્રાંતિ દિવસ.

C. દક્ષિણાયન.

D. ઉત્તરાયણ.

# એકમ :- 10 પૃથ્વીના આવરણો

1.મૃદાવરણ માટે નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

A. પૃથ્વી ઉપરનો પોપડો સામાન્ય રીતે માટી અને ઘન પદાર્થો નો બનેલ છે.

B. તેને ખડકાવરણ પણ કહે છે.

C. પોપડાના ઉપલા ભાગને મૃદાવરણ કહે છે.

D. 'મૃદા' શબ્દનો અર્થ મોટું એમ થાય છે.

2. નીચેનામાંથી મહાસાગરોનો મોટેથી નાનાનો ક્રમ કયો સાચો છે ?

A. પેસેફિક, ઍટલૅન્ટિક,હિંદ,આર્કટિક

B. પેસેફિક, ઍટલૅન્ટિક,આર્કટિક,હિંદ

C. પેસેફિક,આર્કટિક,ઍટલૅન્ટિક, હિંદ

D. પેસેફિક, હિંદ,ઍટલૅન્ટિક,આર્કટિક,

3. જલાવરણ માટે નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું છે ?

A. પૃથ્વી સપાટી પર પાણીનું પ્રમાણ ભૂમિપ્રદેશ કરતાં વધારે છે.

B. પૃથ્વી સપાટી નો લગભગ 29%ભાગ જલાવરણ થી ઘેરાયેલ છે.

C. પૃથ્વી પર જે પાણી છે તેમાંથી 71% સમુદ્રમાં રહેલું ખારું પાણી છે.

D. પૃથ્વી સપાટીનો આ વિસ્તાર એટલો વિશાળ છે કે એમાં ભૂમિખંડો પણ ટાપુ જેવા લાગે છે.

4. મૃદાવરણ નો શેની સાથે ગાઢ સંબંધ છે

A. જીવાવરણ

C. એ અને બી બંને

B. વનસ્પતિ જીવન

D. એક પણ નહીં

5. પૃથ્વીનો પોપડો કેમ ફાટી જતો નથી?

A. દબાણ અને ગરમી જેવા પરસ્પર વિરોધી બળો વચ્ચે અસમતુલા જળવાય છે.

B. દબાણ અને ગરમી જેવા એકતરફી બળો વચ્ચે સમતુલા જળવાય છે.

C. દબાણ અને ગરમી જેવા પરસ્પર વિરોધી બળો વચ્ચે સમતુલા જળવાય છે.

D. ઉપરના તમામ.

6. વાતાવરણ માટે નીચેનામાંથી કયું વાક્ય લાગુ પડતું નથી?


A. વાતાવરણને નરી આંખે જોઈ શકાતું નથી.

B. વાતાવરણમાં વાયુ,પ્રવાહી અને ઘન તત્વોનો સમાવેશ થાય છે.

C. વાતાવરણ અપારદર્શક હોય છે.

D. વાતાવરણ રંગ, ગંધ અને સ્વાદરહિત છે.

7. વાતાવરણમાં વાયુઓનું પ્રમાણ કેટલું છે તે નીચેની આકૃતિ પરથી બંધબેસતું વિકલ્પ કયો છે તે કહો ?



| | |
|---|---|
| (blue) | ઓક્સિજન |
| (pink) | નાઈટ્રોજન |
| (green) | ઓર્ગન |
| (orange) | કાર્બન ડાયોક્સાઈડ |
| (dark green) | અન્ય વાયુ |

A. 1-B, 2-A,3-D,4-E,5-C

C. 1-E.2-C,3-A,4-D,5-B

B. 1-A,2-D,3-E,4-C,5-B

D. 1-C,2-B,3-A,4-D- E

8. પૃથ્વીની સપાટીથી ઊંચી જતા વાતાવરણમાં વાયુઓના પ્રમાણને ક્રમશઃ ગોઠવો

1.કાર્બન ડાયોક્સાઇડ,2. નાઇટ્રોજન 3. ઓક્સિજન4. હાઈડ્રોજન અને હિલિયમ

A. 1,2,4,3 B. 1,3,2,4 C. 1,2,3,4 D. 1,3,4,2

9. રજકણો માટે નીચેનામાંથી કયું વાક્ય લાગુ પડતું નથી ?

A. સૂર્યોદય પહેલાં ઉષાકાળ અને સૂર્યાસ્ત પછી સંધ્યાના આકાશી રંગો.

B. રજકણો દ્વારા કિરણોનું પરાવર્તન થવાના લીધે આપણને સૂર્યપ્રકાશ મળતો નથી.

C. તેનાથી એકાએક અંધારું કે અજવાળું થતું નથી.

D. રજકણોને લીધે પૃથ્વી પર સૂર્યપ્રકાશ રેલાતો જોવા મળે છે.

10. તમને નીચેનામાંથી શેમાં જીવસૃષ્ટિ વ્યાપેલ જોવા મળે છે?

A. મૃદાવરણ,વાતાવરણ,

C. મૃદાવરણ, વાતાવરણ ,જલાવરણ

B. મૃદાવરણ,જલાવરણ

D. એક પણ નહીં

11.માનવજીવન અસ્તિત્વનો નિર્વાહનો આધાર જીવાવરણ છે કયા વાક્ય પરથી સાબિત થાય છે?

A. જીવસૃષ્ટિમાં માનવ તેમજ પ્રાણીઓ અને વનસ્પતિનો સમાવેશ થાય છે.

B. જીવાવરણના સજીવો માનવજગતને વૈવિધ્યપૂર્ણ ખોરાક અને કાચો માલ પૂરો પાડે છે.

C. પૃથ્વી પરના સજીવો ખોરાક જીવાવરણમાંથી મેળવે છે.

D. ઉપરના તમામ.

12. નીચેનામાંથી મારું કયું કાર્ય પર્યાવરણ નું શોષણ કરીને વિકાસ કર્યું છે તેમ ગણાશે નહીં ?

A. હું મારું ખેતર એક ઉદ્યોગપતિને કારખાનું બનાવવા આપું છું.

B. હું નદી પર બંધ બનાવું છું.

C. હું સીએફસી એટલે કે ક્લોરોફ્લોરો કાર્બન યુક્ત સાધનો બનાવું છું.

D. હું બગીચો બનાવું છું.

13. વાતાવરણમાં કયો વાયુ પૃથ્વી સપાટીથી કેટલા કિલોમીટરની ઊંચાઇ સુધી આવેલ છે તે કયું જોડકું સાચું છે કહો.

| "અ" | | "બ" |
|---|---|---|
| 1. કાર્બન ડાયોક્સાઇડ | - | A. 130 કિમી ની ઊંચાઈ પછી |
| 2. ઓક્સિજન | - | B. 20 કિલો મીટરની ઉંચાઈ પછી |
| 3.નાઈટ્રોજન | - | C. ખૂબ ઊંચાઈએ |
| 4.હાઈડ્રોજન હિલિયમ | - | D. ૧૧૦ કિલોમીટરની ઊંચાઇ પછી |

A. 1-D, 2-A,3-C,4-B

B. 1-B,2-D,3-A,4-C

C. 1-A.2-B,3-C,4-D

D. 1-B,2-D,3-C,4-A

14. ઓઝોન વાયુ માટે નીચેનામાંથી કયું વાક્ય સાચું નથી ?

A. સૂર્યના જલદ પારજાંબલી  કિરણોનું શોષણ કરી પૃથ્વીને સૂર્યની પ્રચંડ ગરમીથી બચાવે છે.

B. આ વાયુ મુખ્યત્વે વહેલી સવારે ખુલ્લા મેદાનમાં હવામા વધારે પ્રમાણમાં હોય છે.

C. વાતાવરણમાં ઓઝોન વાયુનું પ્રમાણ ખૂબ વધુ હોય છે.

D. આ વાયુ સમુદ્ર કિનારાની હવામા વધારે પ્રમાણમાં હોય છે.

15. નીચેનામાંથી કયું વાક્ય વાતાવરણ પૃથ્વી માટે 'કુદરતી ઢાલ' ની ગરજ સારે છે તેને સાર્થક કરતું નથી.

A. વાતાવરણના માધ્યમથી અવાજ સાંભળી શકાય છે.

B. રેડિયો અને દૂરદર્શન પ્રસારણ શક્ય બને છે.

C. વાતાવરણ સાથેના ઘર્ષણથી ઉલ્કા જેવા અવકાશી પદાર્થો સળગી ઉઠી નાશ પામે છે.

D. વાતાવરણને નરી આંખે જોઈ શકાતું નથી.

16. હું વહેલી સવારે ચાલવા જાઉ તો મને કયો સ્વાસ્થ્યવર્ધક વાયુ મળશે ?

A. નાઈટ્રોજન | C. ઓઝોન

B. ઓક્સિજન | D. ઓર્ગન

17. નીચેનામાંથી સમુદ્રના તળિયેથી મળતા ખનીજોનું કયું વિધાન સાચુ છે.

A. મેગેનીઝ, લોખંડ, પારો | C. મેગેનીઝ,લોખંડ,કલાઈ

B. મેંગેનીઝ,લોખંડ | D. એક પણ નહિ.

# એકમ :- 11 ભૂમિસ્વરૂપો

પ્રશ્ન- 1.   નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી  તેના પર ◯ ની નિશાની કરો.

1. પેની પ્લેઈન એટેલ.....

A. નીક્ષેપના મેદાન | C. કિનારાના મેદાન

B. ઘસારણના મેદાન | D. સરોવરના મેદાન

2. બે જળ વિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટી નીચેનામાંથી કયા નામે ઓળખાય છે ?

A. ભૂશિર | C. સંયોગીભૂમી

B. સામુદ્રધુની | D. દ્વીપકલ્પ

3.નીક્ષેપના મેદાનોને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?

A. નદીકૃત મેદાન | C. A અને B

B. કાંપના મેદાન | D. એક પણ નહિ

4. લોમ્બાર્ડીનું મેદાન કયા મેદાનનું વિશિષ્ટ દ્રષ્ટાંત છે?

A. કિનારાના મેદાન

B. ઘસારણના મેદાન

C. A અને B

D. એક પણ નહિ

5. નીચેનામાંથી કયું ઉદાહરણ સંરચનાત્મક મેદાનનું નથી ?

A. હવાંગહોનું મેદાન

B. કાશ્મીરની ખીણો

C. પશ્ચિમ સાઈબિરીયાનું મેદાન

D. ઉપરના ત્રણેય

6. ખંડીય ઉચ્ચપ્રદેશ તરીકે કોનો સમાવેશ થાય છે?

A. બ્રાઝીલનો ઉચ્ચપ્રદેશ

B. અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ

C. A અને B

D. એક પણ નહિ

7. એક ભૂમિ સ્વરૂપ 900 મીટર ઊંચાઈ ધરાવે છે તો તેનો નીચેનામાંથી શેમાં સમાવેશ થાય છે?

A. પર્વત

B. ઉચ્ચપ્રદેશ

C. મેદાન

D. ફાટખીણ

8. નીચેનામાંથી કયો પર્વતનો પ્રકાર નથી ?

A. અવશિષ્ટ પર્વત

B. જ્વાળામુખી પર્વત

C. ખંડ પર્વત

D. આંતર પર્વત

9. નીચેનામાંથી કોને હોર્સ્ટ પર્વત તરીકે ઓળખવામાં આવે છે?

A. ખંડ પર્વત

B. ગેડ પર્વત

C. જ્વાળામુખી પર્વત

D. અવશિષ્ટ પર્વત

10.નીચેનામાંથી કઈ વિશેષતા ઉચ્ચપ્રદેશની નથી ?

A. 80 મીટર કરતા ઊંચા હોય છે.

B. ટોચ ઉપરથી પ્રમાણમાં પહોળા હોય છે.

C. 900 મીટરથી નીચા હોય છે.

D. સાંકડા શિખરો ધરાવે છે.

11. કયો પર્વત જ્વાળામુખીથી બનેલ નથી ?

A. ઈટાલીનો વિસુવિયસ

B. એન્ડીઝ પર્વતમાળા

C. નીલગીરી પર્વતમાળા

D. B અને C બન્ને.

12. ઘસારાના કુદરતી બળો સામે તાકી રહેતા શેષ ભાગથી બનતો ભૂમિ ભાગ એટલે...

A. ગેડ પર્વત

B. હોર્સ્ટ પર્વત

C. અવશિષ્ટ પર્વત

D. ખંડ પર્વત

13. આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ એટલે ?

A. ચારેબાજુ પર્વતથી ઘેરાયેલ ભૂમિ ભાગ

B. તરેટીમાં એક તરફ સીધો ઢોળાવ ધરાવતો ભમી ભાગ

C. ભુગર્ભિક હલનચલનથી ઉંચકાયેલ ભૂમિ ભાગ

D. જ્વાળામુખી વિસ્ફોટનથી રચાયેલ ભૂમિ ભાગ

14. ખંડીય છાજલીનો ભૂમિભાગ ઉંચકાતા બનતા ભૂમિ ભાગને ...

A. કિનારાના મેદાન કહે છે.

B. ઘસારણના મેદાન કહે છે.

C. નીક્ષેપણના મેદાન કહે છે.

D. B અને C બન્ને

15. મહાસાગરના જળના આંશિકભાગને શું કહે છે ?

A. અખાત B. ભૂશિર C. ઉપસાગર D. સામુદ્રધુની

16. ભૂશિર એટલે શું ?

A. ભૂમિનો જળભાગમાં ફેલાયેલો લંબાત્મક છેડો.

B. સમુદ્રરેખા તરીકેની સંજ્ઞા

C. A અને B બન્ને

D. એક પણ નહિ

17. શંખોદ્વાર એ કયા ભુમીભાગનું ઉદાહરણ છે ?

A. અખાત B. ટાપુ C. ખીણ D. ભૂશિર

18. તમે પાલ્કની સામુદ્રધુનીમાંથી પસાર થઈ રહ્યા છો તો તમારી આજુ-બાજુ કયા દેશ આવેલા હશે ?

A. પાકિસ્તાન-ઈરાન

C. ભારત-શ્રીલંકા

B. ભારત-પાકિસ્તાન

D. એક પણ નહિ

19. કાશ્મીરની ખીણો નીચેનામાંથી શેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ?

A. ઘસારણના મેદાન

C. સરોવરના મેદાન

B. નીક્ષેપણના મેદાન

D. B અને C બન્ને

20. દ્વીપકલ્પ એટલે......

A. ત્રણ બાજુ પાણીથી ઘેરાયેલ પ્રદેશ

C. ચારેભાજુ પાણીથી ઘેરાયેલ પ્રદેશ

B. એક તરફ જમીન ધરાવતો પ્રદેશ

D. A અને B બન્ને

21. મેદાન એટલે..

A. 180 મીટરથી નીચો ભૂમિ પ્રદેશ

B. પવન,જ્વાળામુખી અને હિમનદી દ્વારા રચાતો પ્રદેશ

C. નદીઓ દ્વારા ઠલવાયેલ કાંપથી રચાતો પ્રદેશ

D. ઉપરના ત્રણેય

22. નીચેનામાંથી કયું ઉદાહરણ ખંડીય ઉચ્ચપ્રદેશનું નથી ?

A. બ્રાઝીલનો ઉચ્ચપ્રદેશ

D. તિબેટનો ઉચ્ચપ્રદેશ

B. અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ

C. ગ્રીનલેન્ડ

23. નીચેનામાંથી કયું ઉદાહરણ આંતર પર્વતીય ઉચ્ચપ્રદેશ છે?

A. તિબેટનો ઉચ્ચપ્રદેશ

B. મોંગોલીયાનો ઉચ્ચપ્રદેશ

C. A અને B બન્ને

D. એક પણ નહિ

24. ઓસ્ટ્રેલીયાનું મધ્યનું મેદાન કેવી રીતે નિર્માણ પામ્યું છે?

A. જમીનના તળિયા ઘસાવાના કારણે

B. સરોવરમાં કાંપના નીક્ષેપણથી

C. A અને B બન્ને

D. એક પણ નહિ

25. નીચેનામાંથી કઈ જોડ સાચી નથી?

A. ખંડીય ઉચ્ચપ્રદેશ- બ્રાઝીલનો ઉચ્ચપ્રદેશ

B. ફ્યુજીયામા – ખંડ પર્વત

C. નીલગીરી- અવશિષ્ટ પર્વત

D. ગંગા-યમુનાનું મેદાન- નીક્ષેપણના મેદાન

# એકમ :- 12 નકશો સમજીએ

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. GPSનું આંખું નામ જણાવો?

A. GLOBAL POSITION SYSTEN

B. GLOB POSITION SYSTEN

C. GLOBAL POSITION SETELITE

D. GLOB POSITION SETELITE

2. હાથમાં રાખી શકાય તેવા કાપડના ટુકડા માટે લેટિન ભાષાનો શબ્દ કયો છે?

A. MAP

B. નકશો

C. MAPPA MUNDI

D. પૃથ્વીનો ગોળો

3. જે નકશા તમારી જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવ્યા હોય તે નકશાનો પ્રકાર કયો છે ?

A. ભીંત નકશા

B. હેતુ આધારિત નકશા

C. નાના માપના નકશા

D. મોટા માપના નકશા

4.તમારે આકાશ દર્શન કરવું છે તે માટે તમે ક્યાં પ્રકારના નકશાનો ઉપયોગ કરશો ?

A. ભૂપૃષ્ઠ નકશા B. હવામાન નકશા C. પ્રાકૃતિક નકશા D. ખગોળીય નકશા

5.નીચેનામાંથી હેતુ આધારિત નકશાઓનો પ્રકાર નથી?

A. રાજકિય નકશા B. ભૂપૃષ્ઠ નકશા C. ખગોળીય નકશા D. આબોહવાકીય નકશા

6. નીચે આપેલ વિધાનોમાં કયું વિધાન /વિધાનો હેતુ આધારિત નકશા માટે સાચું/ સાચાં છે ?

1. માનવ સર્જિત વિગતોનું આલેખન કરેલ હોય છે.
2. કુદરત નિર્મિત વિગતોનું આલેખન કરેલ હોય છે.
3. કુદરત અને માનવસર્જિત વિગતોનું આલેખન કરેલ હોય છે.

A. માત્ર- 1 B. માત્ર-2 C. માત્ર- 1 અને 2 D. માત્ર 1,2,અને 3

7. ભૂપૃષ્ઠ નકશામાં કઈ વિગતો દર્શાવેલ હોય છે ?

1. મેદાન 2. પર્વત 3. ઉચ્ચપ્રદેશ 4. જળ પરિવહન

A. માત્ર 1 B. માત્ર 1 અને 2 C. માત્ર 1,2,અને 3 D. માત્ર 1,2,3 અને 4

8. ખગોળીય નકશા વિશે કઈ બાબત સાચી છે?

1. તે હેતુ આધારિત નકશા છે.

2. તેમાં ગ્રહો,ઉપગ્રહો, નક્ષત્રો વગેરે અવકાશી પદાર્થોનીમાહિતી હોય છે?

3. તેનો ઉપયોગ ફક્ત ખગોળશાસ્ત્રીઓ જ કરે છે.

A. માત્ર 2 અને 3 B. માત્ર 1 અને 2 C. માત્ર 1 અને 3 D. માત્ર 1,2 અને 3

9. નીચે આપેલ નકશાના પ્રકારની યોગ્ય જોડ બનાવો.

| "અ" | "બ" |
|---|---|
| 1. રાજકિય નકશો | a. મેદાન,પર્વતો,ઉચ્ચપ્રદેશોની માહિતી |
| 2. ઔદ્યોગિક નકશો | b. તાપમાન,વરસાદની માહિતી |
| 3. ભૂપૃષ્ઠ નકશા | c. ઉત્પાદન વિશેની માહિતી |
| 4. હવામાન નકશો | d. વહીવટી તંત્રની અને સરહદોની માહિતી |

A. 1-b, 2-a, 3-c, 4-d B. 1-d, 2-a, 3-c, 4-b

C. 1-d, 2-c, 3-a, 4-b D. 1-d, 2-c, 3-a, 4-b

10.સાંસ્કૃતિક નકશામાં કયા નકશાઓનો સમાવેશ થશે ?

1. રાજકિય નકશો 2. ઔદ્યોગિક નકશો 3. ઐતિહાસિક નકશા

A. માત્ર 1 B. માત્ર 1 અને 2 C. માત્ર 1 અને 3 D. આપેલ તમામ

11. નાના માપના નકશા અંતર્ગત કઈ વિગત ખોટી છે?

A. એટલાસ,કેડેસ્ટ્રલ,સ્થળવર્ણન,ભીંતનકશા એવા પ્રકાર હોય છે.

B. 1 સે.મી= 50 કિલોમીટર કરતાં ઓછુ અંતર હોય છે.

C. 1 સે.મી= 50 કિલોમીટર કરતાં વધારે અંતર હોય છે.

D. તે નકશામાં પૃથ્વીનો વિશાળ વિસ્તાર દર્શાવે છે.

12. નકશા બનાવતી સંસ્થાઓ કઈ છે ?

1. NATMO 2. NRSA

3. સર્વે ઓફ ઈન્ડિયા 4. GPS

A. માત્ર 1 B. માત્ર 1 અને 2 C. માત્ર 1,2 અને 3 D. આપેલ તમામ

13.નીચે આપેલ નકશાના અંગો કયાં કયાં છે ?

A. દિશાસૂચન B. પ્રમાણમાપ C. રૂઢસંજ્ઞા D. તમામ

14.  આપેલું નિશાન નકશામાં કઈ દિશાનો નિર્દેશ કરે છે?

A. ઉત્તર B. દક્ષિણ C. પૂર્વ D. પ્રશ્ચિમ

15. રૂઢસંજ્ઞા બાબતે કયું વિધાન સાચું છે ?

1. નકશામાં પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિગતો દર્શાવવા માટે


2. રૂઢસંજ્ઞા દર્શાવવા નિશ્ચિત અક્ષરો,છાયા પ્રકાશ,રંગો ચિત્રો રેખાઓ વપરાય છે.

3. રૂઢસંજ્ઞાઓની ભાષા/ચિહ્નો સરળ અને સર્વમાન્ય ભાષા છે

4. આંતરરાષ્ટ્રીય કક્ષાએ રૂઢસંજ્ઞાઓ સમાન છે.

A. માત્ર 1 અને 2 B. માત્ર 1,2 અને 3 C. માત્ર 2 અને 3 D. આપેલ તમામ

16. રૂઢસંજ્ઞાને આપેલ વિગત સાથે યોગ્ય જોડી બનાવો.

| "અ" | "બ" |
|---|---|
| 1. પર્વત | a.  |
| 2. ઘાટ | b.  |
| 3. નદી પરનો બંધ | c.  |
| 4. દેશની રાજધાની | d.  |

A. 1-b, 2-d, 3-c, 4-a B. 1-d, 2-c, 3-a, 4-b

C. 1-b, 2-c, 3-d, 4-a D. 1-b, 2-c, 3-a, 4-d

17. રૂઢસંજ્ઞા બાબતે આપેલ જોડમાં કઈ જોડ યોગ્ય નથી.

A.  - રાજ્યનું પાટનગર

B.  - શહેર

C.  - દેશની રાજધાની

D.  - જિલ્લા મથક

18. ચિહ્નો ઉપરાંત પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિગતો દર્શાવવા આપેલ રંગ સ્તરોની કઈ વિગત સાચી છે? .

1. રેલમાર્ગ - કાળો રંગ 2. જમીનમાર્ગ - લાલ રંગ 3. ભૂમિસ્વરૂપ - બદામી રંગ

4. વનસ્પતિ પ્રદેશ - લીલો રંગ 5. ખેતી - પીળો રંગ

A. 1,2,3 B. 1,3,4

C. 1,2,3,4 D. આપેલ તમામ

19. દિશા બાબતે ક્યુ વિધાન સાચુ નથી ?

A. ઉત્તર અને પૂર્વની વચ્ચે ઈશાન મધ્યવર્તી દિશા

B. દક્ષિણ અને પૂર્વની વચ્ચે અગ્નિ મધ્યવર્તી દિશા

C. દક્ષિણ અને પ્રશ્ચિમની વચ્ચે વાયવ્ય મધ્યવર્તી દિશા

D. ઉત્તર અને પ્રશ્ચિમની વચ્ચે વાયવ્ય મધ્યવર્તી દિશા

20. ભારતમાં કુલ કેટલા રાજ્યો આવેલા છે ?

A. 29 રાજ્યો　　C. 33 રાજ્યો

B. 26 રાજ્યો　　D. 28 રાજ્યો

21. જો તમે ઊગતા સૂર્યની સામે મોં રાખીને ઊભા રહોતો તમારા જમણા હાથ બાજુ કઈ દિશા આવશે?

A. ઉત્તર　B. દક્ષિણ　C. પૂર્વ　D. પ્રશ્ચિમ

22. માન્ય ઉગતા સૂર્યની સામે મોં રાખીને ઊભો છે તો તેની પીઠ બાજુની દિશા કઈ હશે ?

A. ઉત્તર　B. દક્ષિણ　C. પૂર્વ　D. પ્રશ્ચિમ

23.. ભારતના એક નકશામાં પ્રમાણમાપ 1 સેમી= 20 કિ.મી. છે ,જો નકશામાં બે શહેરો વચ્ચેનું અંતર 40 સે.મી. છે તો આ બે શહેરો વચ્ચેનું વાસ્તવિક અંતર કેટલા કિ.મી. હશે?

A. 200 કિ.મી.　B. 800 કિ.મી.　C. 400 કિ.મી.　D. 1000 કિ.મી.

24. ઉત્તર- પૂર્વ : ઈશાન, દક્ષિણ - પ્રશ્ચિમ : ..................

A. અગ્નિ　B. વાયવ્ય　C. નૈઋત્ય　D. એક પણ નહિ

25. ભારતદેશના સ્થાન વિષે કઈ બાબત સાચી છે ?

1. ભારતદેશ પૃથ્વી પર ઉત્તર- પૂર્વ ગોળાર્ધમાં આવેલ છે.　2. ભારતની ઉત્તરે હિમાલય પર્વતમાળા આવેલી છે.

3. ભારતની પૂર્વ દિશાએ બંગાળનો ઉપસાગર આવેલો છે　4. ભારતના પ્રશ્ચિમે દિશાએ અરબસાગર આવેલો છે.


A. માત્ર 1　B. માત્ર 1,2　C. માત્ર 1, 2 અને 3　D. આપેલ તમામ

26. તમે ભારતનો રાજકિય નકશો દોરી રહ્યા છો, તો તમે રાજ્ય રાજ્ય વચ્ચેની સીમા કઈ દર્શાવશો ?

A. 

B. 

C. 

D. 

# એકમ :- 13 ભારત : ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ અને વન્યજીવન

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. વંશ નીચે જણાવેલ ઋતુઓ અને તેની વિશેષતા અંગે મૂંઝવણ અનુભવે છે. ઋતુઓ અને વિશેષતાને યોગ્ય રીતે જોડી વંશને મદદ કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1. શિયાળો | a. સમુદ્ર પરથી ભેજવાળા પવનો ફૂંકાય છે |
| 2. ચોમાસુ | b. ગરમ સૂકા પવનો ફૂંકાય છે. |
| 3. ઉનાળો | c. આકાશ વાદળો વિનાનું સ્વચ્છ જોવા મળે છે |
| 4. પાછા ફરતા મોસમી પવનોની ઋતુ | d. સૂર્યના કિરણો ત્રાંસા પડે છે. |

A. 1-a, 2-b, 3-d, 4-c B. 1-d, 2-a, 3-b, 4-c
C. 1-a, 2-b, 3-c, 4-d D. 1-d, 2-a, 3-c, 4-b

2. ભારતના સંદર્ભે નીચે પૈકી ક્યું વિધાન યોગ્ય નથી ?
A. ઉત્તરમાં હિમાલયની પર્વતમાળા આવેલી છે.
B. દક્ષિણમાં બંગાળનો ઉપસાગર આવેલો છે.
C. પશ્ચિમે અરબસાગર આવેલો છે.
D. પૂર્વમાં બાંગ્લાદેશ આવેલો છે.

3. નીચેના પૈકી કઈ નદી હિમાલયમાંથી નીકળતી નથી ?
A. સતલુજ B. કૃષ્ણા C. યમુના D. બ્રહ્મપુત્ર

4. જો તમારે સમુદ્રના કાચબા ઈંડા મુકવા જ્યા આવે છે ત્યાં જોવા જવું છે તો તમે ભારતના કયા રાજ્યોના સમુદ્રકિનારે જશો ?
A. કેરલ અને ઓડીશા B. ગુજરાત અને ઓડિશા
C. ગુજરાતને ગોવા D. ગુજરાત અને મહારાષ્ટ્ર

5.નીચેનામાંથી કઇ ઋતુમાં ફ્લેમિંગો જેવા સ્થળાંતર કરનારા પક્ષીઓ ઉત્તરના ઠંડા પ્રદેશોથી ઓડિશાના ચિલ્કા તળાવમાં ઉડીને આવે છે ?
A. દરેક ઋતુમાં B. શિયાળામાં C. ચોમાસામાં D. ઉનાળામાં

6. ઉનાળુ વેકેશનમાં મારે એવી જગ્યાએ જવું છે જ્યાં દરિયો હોય, તો હું નીચેનામાંથી કયા રાજ્યની મુલાકાત લઈશ ?
A. હિમાચલ પ્રદેશ B. મધ્યપ્રદેશ C. બિહાર D. તામિલનાડુ

7. 'સુંદરવન' મુખત્રિકોણ પ્રદેશ કઈ નદીઓ દ્વારા રચાયેલ છે ?
A. ગંગા-યમુના B. બ્રહ્મપુત્ર-ગોદાવરી C. બ્રહ્મપુત્ર-યમુના D. બ્રહ્મપુત્ર-ગંગા

8. જો તમારે વિશ્વનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ જોવા જવુ છે તો ભારતના ક્યા ભાગમાં તમે જશો ?

A. પૂર્વમાં B. ઉત્તરમાં C. પશ્ચિમમાં D. દક્ષિણમાં

9. ભારતમાં લાંબા સમુદ્રકિનારા, ઊંચી-ઊંચી પર્વતમાળાઓ, દૂર-દૂર સુધી ફેલાયેલાં નદી-મેદાનો, ઊબડ-ખાબડ ઉચ્ચપ્રદેશ અને કિનારાથી દૂર આવેલા ટાપુઓ જોવા મળે છે. ઉપર દર્શાવેલ કથનને આધારે ભારત વિશે કહી શકાય કે.........

A. ભારત ભૌગોલિક વિવિધતા ધરાવે છે.

B. આ ભૌગોલિક વિવિધતા ભારતને વિશ્વમાં એક વિશિષ્ટ ઓળખ અપાવે છે.

C. (A) અને (B) બન્ને

D. (A) અને (B) એકપણ નહીં

10. હિમાલય પર્વતમાળા સંદર્ભે નીચે પૈકી ક્યું વિધાન યોગ્ય છે ?

1. હિમાલય પર્વતમાળાને ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલી છે.

2. હિમાદ્રી પર્વતમાળામાં માઉન્ટ એવરેસ્ટ આવેલું છે.

3. તે મહદંશે સીમારક્ષકનું કાર્ય કરે છે.

4. મધ્ય હિમાલયમાં યાત્રાધામો આવેલાં છે.

A. 1 B. 3,4 C. 2,3,4 D. આપેલ તમામ

11. ખુશી હિમાલય પર્વતમાળામાંથી નીકળતી નદીઓ અંગે મૂંઝવણ અનુભવે છે. નીચેનામાંથી કોનો સમાવેશ હિમાલય પર્વતમાળામાંથી નીકળતી નદીઓ અંતર્ગત થાય છે તે જણાવી ખુશીને મદદ કરો.

1. બ્રહ્મપુત્ર 2. સતલુજ 3. યમુના 4. ગંગા

A. 1,2,3 B. 1,2,4 C. 2,3,4 D. આપેલ તમામ

12.જો તમારે ભારતીય મહામરુસ્થલ જોવા જવુ છે તો ભારતના ક્યા ભાગમાં તમે જોવા જશો ?

A. પૂર્વમાં B. ઉત્તરમાં C. પશ્ચિમમાં D. દક્ષિણમાં

13. નીચે આપેલ વિધાનોની યોગ્યતા ચકાસો.

વિધાન-1 ઉત્તરનાં મેદાનોની દક્ષિણે ઊંધા ત્રિકોણાકારે દખ્ખણનો ઉચ્ચપ્રદેશ આવેલો છે.

વિધાન-2 દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં દુનિયાની સૌથી પ્રાચીન પર્વતમાળા આવેલી છે.

A. 1 સાચું B. 2 સાચું

C. 1 અને 2 બન્ને સાચા D. 1 અને 2 બન્ને ખોટા

14. નીચેનામાંથી કઈ નદી પૂર્વથી પશ્ચિમ તરફ વહીને અરબસાગરને મળે છે ?

1. નર્મદા 2. કાવેરી 3. તાપી 4. કૃષ્ણા

A. 2 B. 1,3 C. 2,4 D. આપેલ તમામ

15. નીચેનામાંથી કઈ નદી પૂર્વ તરફ વહીને બંગાળના ઉપસાગરને મળે છે ?

1. ગોદાવરી 2. કાવેરી 3. તાપી 4. કૃષ્ણા

A. 3 B. 1,3

C. 1,2,4 D. આપેલ તમામ

16. નીચેનામાંથી કઈ નદીએ બંગાળના ઉપસાગરમાં સુંદરવન નામના મુખત્રિકોણપ્રદેશની રચના કરી છે ?

1. બ્રહ્મપુત્ર 2. ગંગા 3. ગોદાવરી 4. કાવેરી

A. 1,2 B. 3,4 C. માત્ર 3 D. આપેલ તમામ

17. જય નીચે જણાવેલ દખ્ખણના ઉચ્ચપ્રદેશ અને તેની વિશેષતા અંગે મૂંઝવણ અનુભવે છે. દખ્ખણના ઉચ્ચપ્રદેશ અને વિશેષતાને યોગ્ય રીતે જોડી જયને મદદ કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1. સૌથી પ્રાચીન પર્વતમાળા | a ઘાટ સળંગ |
| 2. પશ્ચિમઘાટ | b ઘાટ તૂટક-તૂટક |
| 3. પૂર્વઘાટ | c બ્રહ્મપુત્ર અને ગંગા |
| 4. સુંદરવનની રચના | d ગોદાવરી અને કાવેરી |
| 5. પશ્ચિમથી પૂર્વ તરફ વહેવુ | e હિમાલય |
| | f અરવલ્લી |

A. 1-e, 2-a, 3-b, 4-c, 5-d B.1- f, 2-a, 3-b, 4-c, 5-d

C. 1-a, 2-e, 3-d, 4-c, 5-b D. 1-e, 2-a, 3-b, 4-d, 5-c

18. નીચે આપેલ વિધાનોની યોગ્યતા ચકાસો.

વિધાન-1 બંગાળના ઉપસાગરમાં દક્ષિણ પૂર્વે લક્ષદ્વીપ ટાપુઓ છે.

વિધાન-2 બંગાળના ઉપસાગરમાં પશ્ચિમે અંદમાન અને નિકોબાર ટાપુઓ છે.

A. 1 સાચું B. 1 ખોટું

C. 1 અને 2 બન્ને સાચા D. 1 અને 2 બન્ને ખોટા

19. વંશ નીચે જણાવેલ ઋતુઓ અને તેની વિશેષતા અંગે મૂંઝવણ અનુભવે છે. ઋતુઓ અને વિશેષતાને યોગ્ય રીતે જોડી વંશને મદદ કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1. શિયાળો | a. માર્ચથી મે |
| 2. ચોમાસુ | b. ડિસેમ્બરથી ફેબ્રુઆરી |
| 3. ઉનાળો | c. જૂનથી સપ્ટેમ્બર |
| 4. પાછા ફરતા મોસમી પવનોની ઋતુ | d. ઑક્ટોબરથી નવેમ્બર |

A. 1-b, 2-a, 3-d, 4-c B. 1-d, 2-a, 3-b, 4-c C. 1-b, 2-c, 3-a, 4-d D. 1-d, 2-c, 3-a, 4-b

20. કોઈપણ સ્થળમાં હવામાનનાં તત્ત્વોની આશરે 30 વર્ષની સરેરાશ પરિસ્થિતિને શું કહે છે ?

A. આબોહવા B. હવામાન C. ગ્લોબલ વૉર્મિંગ D. તાપમાન

21. આ પ્રકારનાં જંગલો ઓછા વરસાદના પ્રદેશોમાં જોવા મળે છે. અહીં થતાં વૃક્ષો કાંટાળા હોય છે. ઉપર દર્શાવેલ બંને કથનોને આધારે જંગલનો પ્રકાર ઓળખો.

A. મેન્ગ્રુવનાં જંગલો B. પર્વતીય જંગલો C. સૂકાં ઝાંખરાંવાળાં જંગલો D. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો

22. નીચે જણાવેલ જંગલ અને તેમા થતા વૃક્ષો અંગે મૂંઝવણ છે. **જંગલ અને તેમા થતા વૃક્ષોને યોગ્ય રીતે જોડી મદદ કરો.**

| "અ" | "બ" |
|---|---|
| 1. મેન્ગ્રુવનાં જંગલો | a. મહોગની અને રોઝવુડ |
| 2. સૂકાં ઝાંખરાંવાળાં જંગલો | b. થોર અને બાવળ |
| 3. પર્વતીય જંગલો | c. સાગ અને સાલ |
| 4. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો | d. સુંદરી અને ચેર |
| 5. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો | e. ચીડ અને દેવદાર |

A. 1-a, 2-b, 3-d, 4-c, 5-e    B. 1-d, 2-b, 3-e, 4-c, 5-a

C. 1-a, 2-e, 3-d, 4-c, 5-b    D. 1-d, 2-a, 3-b, 4-c, 5-e

23. નીચે પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

A. શિયાળો – ઉત્તરાયણ    B. ચોમાસું – ચેટીચાંદ

C.ઉનાળો – ધૂળેટી    D. પાછા ફરતા મોસમી પવનોની ઋતુ – દશેરા

24. મને ઓળખો: હું નળ સરોવર, કચ્છના રણમાં **તથા કાદવવાળા કે પાણીવાળાં ક્ષેત્રોમાં જોવા મળું છું**. મારે લાંબા પગ અને સફેદ-ગુલાબી ઝાંયવાળું શરીર ધરાવું છું. હું ભારતમાં માત્ર કચ્છમાં જ માળા કરું છું.

A. સુરખાબ    B. ઘોરાડ    C. સારસ    D. ઘુડખર

25. ભારતમાં **શિયાળા દરમિયાન** હજારો વિદેશી પક્ષીઓ આવે છે અને **શિયાળો પૂરો થતાં તે પોતાના વતનમાં પરત** જાય છે. આવાં **પક્ષીઓ** ક્યા નામે ઓળખાય છે ?

A. યાયાવર પક્ષીઓ    B. વિદેશી પક્ષીઓ    C. શિયાળુ પક્ષીઓ    D. નિવાસી પક્ષીઓ

26. આપેલા ભારતના નકશાનું અવલોકન કરો. જો તમે નકશામાં દર્શાવેલ કાળા ભાગમાં ફરવા જાવ છો તો ત્યા ક્યા પ્રકારના જંગલનો વિસ્તાર જોવા મળશે ?



A.મેન્ગ્રુવનાં જંગલો    B. પર્વતીય જંગલો

C.સૂકાં ઝાંખરાંવાળાં જંગલો    D. ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો

27. નીચે આપેલ વિધાનોની યોગ્યતા ચકાસો.

વિધાન-1 શિવાલિક પર્વતમાળામાં માઉન્ટ એવરેસ્ટ આવેલું છે.

વિધાન-2 હિમાચલ પર્વતમાળામાં દર્શનીય સ્થળો આવેલાં છે.

A. 1 સાચું અને 2 ખોટું B. 1 ખોટું અને 2 સાચું

C. 1 અને 2 બન્ને સાચા D. 1 અને 2 બન્ને ખોટા

28. દખ્ખણના ઉચ્ચપ્રદેશ સંદર્ભે નીચે પૈકી ક્યું વિધાન યોગ્ય નથી ?

1. તેમાં દુનિયાની સૌથી પ્રાચીન પર્વતમાળા હિમાલય આવેલી છે.

2. તે જ્વાળામુખીથી બનેલા હોવાથી તે ક્ષેત્રોમાં ખનીજો અલ્પ પ્રમાણમાં મળી આવે છે.

3. તેની ઉત્તર-પશ્ચિમે સાતપૂડાની પર્વતમાળા આવેલી છે.

4. પશ્ચિમઘાટ તૂટક-તૂટક જ્યારે પૂર્વઘાટ સળંગ છે.

A. 1 B. 3,4 C. 2,3,4 D. આપેલ તમામ

29. નીચેનામાંથી કઈ નદી પૂર્વ તરફ વહીને બંગાળના ઉપસાગરને મળે છે ?

1. નર્મદા 2. સાબરમતી 3. તાપી 4. મહી

A. 3 B. 1,2 C. એકપણ નહીં D. આપેલ તમામ

# એકમ :- 14 વિવિધતામાં એકતા

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1.કથકલી નૃત્ય ક્યા રાજયનું છે.?

A. મહારાષ્ટ્ર B. ગુજરાત C. કેરલ D. તમીલનાડું

2.રાજસ્થાન રાજયનું ક્યું નૃત્ય પ્રખ્યાત છે.?

A. લાવણી B. ઘુમ્મર C. ઓડિસી D. બિહુ

3.રાષ્ટ્રીય એકતાના સંદર્ભમાં ક્યું વિધાન ખોટું છે.?

A. રાષ્ટ્રીય એકતાથી રાષ્ટ્રનો આર્થિક,સમાજિક, ઔધોગિક વગેરે ક્ષેત્રોમાંવિકાસ થાય છે.

B. વિવિધતાઓની વચ્ચે લોકો શાંતિ,સલામતી અને સમૃધ્ધિ પ્રાપ્ત કરે છે.

C. વિવિધતામાં એકતા આપણા દેશની વિશેષતા છે.

D. રાષ્ટ્રીય એકતાથી રાષ્ટ્રનો કોમી એખલાસ ઘટે છે.

4.આપણા દેશની બંધારણ માન્ય ભાષાઓ કેટલી છે ?

A. 22 B. 23 C. 26 D. 20

5. રાષ્ટ્રીય મહિલા આયોગની રચના ક્યારે કરવામાં આવી હતી?

A. 1993 B. 1994 C. 1992 D. 1990

6.રાસ ગરબા કયા રાજ્યનું નૃત્ય છે. ?

A. ગુજરાત B. મહારાષ્ટ્ર C. રાજસ્થાન D. મધ્યપ્રદેશ

7.પંજાબ નું પ્રખ્યાત નૃત્ય કયું છે.?

A. રાસ ગરબા B. ભાંગડા C. કથકલી D. ઘુમ્મર

8. રાષ્ટ્રગીત ની રચના કોણે કરી હતી.?

A. અવનિન્દ્રનાથ ટાગોર B. ભુપેન્દ્ર નાથ ટાગોર

C. રવીન્દ્રનાથ ટાગોર D. રવિશંકર રાવળ

9."જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે તો આપણે સૌ એ રાષ્ટ્રીય એકતા ની આવશ્યકતા સ્વીકારવી જ પડશે" આ વિધાન કોણે કહ્યું છે.?

A. રવીન્દ્રનાથ ટાગોર B. રવિશંકર રાવળ

C. સરદાર વલ્લભભાઈ પટેલ D. ડૉ. રાધાકૃષ્ણ

10. ભારતે કઈ ભાવના વિશ્વમાં સાકાર કરી છે ?

A. રાષ્ટ્રીય એકતા B. વિવિધતામાં એકતા

C. વસુદેવ કુટુમ્બકમ D. એક વિશ્વ એક રાષ્ટ્ર

11.પ્રારંભિક સમાજરચનામાં............. આધારિત વર્ણ વ્યવસ્થા હતી.?

A. ધર્મ B. વ્યવસાય C. જાતિ D. જ્ઞાતિ

12. મહારાષ્ટ્રના લોકો મુખ્યત્વે કઈ ભાષા બોલે છે.?

A. ગુજરાતી B. મરાઠી C. પંજાબી D. બંગાળી

13. મહાવીર જયંતી નો ઉત્સવ કયા ધર્મ સાથે સંકળાયેલો છે.?

A. જૈન ધર્મ B. પારસી ધર્મ C. બોદ્ધ ધર્મ D. ઈસ્લામ ધર્મ

14. પતેતીનો તહેવાર કયા ધર્મના લોકો ઊજવે છે.?

A. જૈન ધર્મ B. બોદ્ધ ધર્મ C. હિંદુ ધર્મ D.પારસી ધર્મ

15. ઈદનો તહેવાર કયા ધર્મના લોકો ઊજવે છે ?

A. ઈસ્લામ ધર્મ B. હિંદુ ધર્મ C. પારસી ધર્મ D. જૈન ધર્મ

16. ગરીબ મહિલાઓ સહેલાઈથી ન્યાય મેળવી શકે તેના માટે કઈ અદાલતો સ્થાપવા માં આવી. ?

A. લોક અદાલતો B. નારી અદાલતો

C. મજુર અદાલતો D. તાલુકા અદાલત

17. નીચેનામાંથી કઈ ભાષા આપણા દેશની માન્ય ભાષા નથી. ?

A. બંગાળી B. ગુજરાતી C. કાઠીયાવાડી D. મરાઠી

18. નીચેનામાંથી કઈ ભાષા છે?

A. કાઠીયાવાડી B. સુરતી

C. મેહસાણી D. ગુજરાતી

19. આપણા દેશમાં વિવિધતાને લીધે ભેદભાવ જોવા મળે તેમાં નીચેનામાંથી કયું જોડકું ખોટું છે.?

A. અમીર-ગરીબ B. સાક્ષર- નિરક્ષર

C. શહેરી- જ્ઞાતિ D. છોકરા- છોકરી

20. આપણા દેશમાં........... લોકોની સંખ્યા વધુ છે?

A. શહેરી B. ગ્રામીણ C. બંને D. એક પણ નહીં

21. મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ક્યારે અમલ માં આવ્યો.?

A. 2008 B. 2009 C. 2010 D. 2007

22. મફત અને ફરજિયાત શિક્ષણ ના કાયદામાં કઇ વય જુથના બાળકો નો સમાવેશ થાય છે ?

A. 6 થી 14 વર્ષ B. 4 થી 18 વર્ષ

C. 6 થી 12 વર્ષ D. 6 થી 15 વર્ષ

23. કોના કારણે ભારત એક ઉપખંડ બની ગયો છે.

A. વિચિત્રતાઓ B. વિષમતાઓ

C. વિવિધતાઓ D. વિશિષ્ટતાઓ

24. પંજાબના લોકો કયો ધર્મ પાળે છે ?

(A) બોધ (B) જરથોસ્તી (C) યહૂદી (D) શીખ

25. આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં લોકો કઈ ભાષા બોલે છે.?

A. તેલુગુ B. કન્નડ C. તમિલ D. મલયાલમ

26. સ્વતંત્ર ભારતના બંધારણમાં કયા હક્ક દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે.?

A બંધારણ ઈલાજના B. સ્વતંત્રતાના

C. ધાર્મિક સ્વાતંત્ર્યના D. સમાનતાના

27. ધર્મની દ્રષ્ટિએ ભારત કેવો દેશ છે.?

A. સાંપ્રદાયિક B. બિનસાંપ્રદાયિક C. પ્રાદેશિક D. ધાર્મિક

28. રાષ્ટ્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ "નેશન" ક્યા દેશની કઇ ભાષાના શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે.?

A. લેટિન – નેસીયો B. ફ્રેંચ – નેટેયો

C. ઇટાલિયન – નેશન D. જાપનીશ – નેપિયો

29. બિનસાંપ્રદાયિકતાની બાબતમાં નિચેનામાંથી ક્યુ વિધાન યોગ્ય નથી ?

A. ધર્મના આધાર ઉપર વ્યકિતઓ વચ્ચે ભેદ પાડી શકાય નહી.

B.રાષ્ટ્ર કોઇ ધર્મને પ્રાથમિકતા આપતું નથી.

C. કાયદા સમક્ષ સમાનતા અને જાહેર હોદાઓને ધર્મ સાથે સંબંધ નહિ હોય.

D. ધર્મની બાબતમાં ધર્મ વિરોધી કે ધર્મ વિહીન સમાજની રચના કરવી.

30. બિનસાંપ્રદાયિકતા શબ્દ ભારતના બંધારણમાં કયા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો ?

A. ૪૧ માં B. ૪૨ માં C. ૪૩ માં D. ૪૪ માં

31. રાષ્ટ્રવાદ એ કેવી ઘટના છે ?

A. પ્રાચીન ઘટના છે. B. વિવિદાસ્પદ ઘટના છે. C. મધ્યકાલીન ઘટના છે. D. આધુનિક ઘટના છે.

32. બંધારણમાં સમાનતાના અધિકારને સ્થાન મળતા નીચે માહિતી કેવા પરીણામો મળ્યા હતા ?

A. અસ્પૃશ્યતા નાબુદ કરી દેવામાં આવી. B. સૌ ને રાષ્ટ્રમાં સમાન તક

C. સમાન ન્યાય અને દરજ્જો D. ઉપરોક્ત તમામ

33. નીચે કેટલાક તહેવારોના જોડકાઓ આપેલ છે,જેમાંથી ખોટી જોડી ઓળખો.?

A. શિવરાત્રી – હિંદુ ધર્મ B. મહાવિર જંયંતી – જૈન ધર્મ

C. વૈશાખી – પારસી ધર્મD. ઈદ – ઈસ્લામ ધર્મ

34. નીચે કેટલાક તહેવારો અને માસના જોડકા આપેલા છે,તેમાથી સાચી જોડ ઓળખો ?

A. દિવાળી – આસો, મકરસંક્રાતી- પોષ, શિવરાત્રી – મહા

B. દિવાળી – ભાદરવો, મકરસંક્રાતી- માગશર , શિવરાત્રી – ફાગણ

C. દિવાળી – કારતક , મકરસંક્રાતી- મહા, શિવરાત્રી – ચૈત્ર

D. દિવાળી – મહા, મકરસંક્રાતી- ફાગણ , શિવરાત્રી – આસો

35. નીચે આપેલી જોડ માંથી કયા રાજયના નૃત્યની જોડ સુસંગત નથી ?

A. ગુજરાત – રાસ ગરબા B. ઉત્તરપ્રદેશ – કથક

C. તમીલનાડું - કથકલી D. રાજસ્થાન – ઘુમ્મર

36. નીચે આપેલી જોડ માંથી રાજય અને ભાષાની કઇ જોડ સુસંગત નથી ?

A. ગુજરાત – ગુજરાતી B.પંજાબ – પંજાબી

C. મહારાષ્ટ્ર – મરાઠી D. રાજસ્થાન – મલયાલમ

# એકમ :- 15 સરકાર

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. બંધારણને કેન્દ્રમાં રાખી સરકાર કયું કાર્ય કરે છે?

A. કાયદા બનાવવાનું કાર્ય C. કાયદાનો અમલ કરવાનું કાર્ય

B. કાયદા સુધારવાનું કાર્ય D. ઉપરોક્ત ત્રણેય

2. લોકશાહી શાસન વ્યવસ્થા કોને કહેવાય છે ?

A. લોકોથી ,લોકો વડે , લોકો માટે ચાલતી સરકાર

B. લોકોથી ચાલતી અનુશાસાન પધ્ધતિ

C. લોકો માટે ચાલતી સ્વયં શાસન પ્રણાલી

D. (ખ) અને (હ)

3. સરકારના કેટલા પ્રકાર છે ?

A. ચાર પ્રકાર B. ત્રણ પ્રકાર C. બે પ્રકાર D. ત્રણેય સાચા છે.

4. આપણાં ભારત દેશમાં કયા પ્રકારની સરકાર છે ?

A. સામ્યવાદી સરકાર
B. લોકશાહી સરકાર
C. રાજાશાહી સરકાર
D. સ્થાનિક સરકાર

5. કયા પ્રકારની શાસન વ્યવસ્થામાં સામ્યતા અને સમાનતાને ધોરણે શાસન વ્યવસ્થાનું સંચાલન થાય છે ?

A. લોકશાહી સરકાર
B. રાજાશાહી સરકાર
C. સામ્યવાદી સરકાર
D. ( ખ ) અને ( હ )

6. સામ્યવાદી સરકારની વિચારધારાને કેવી વિચારધારા તરીકે ઓળખાય છે ?

A. સામ્યવાદી વિચાર શૈલી
B. ડાબેરી વિચારધારા
C. લોકશાહી વિચારધારા
D. ત્રણેય સાચા છે

7. કેવા પ્રકારની શાસન વ્યવસ્થામાં લોકોની સુવિધાને બદલે શાસકની સુવિધાને મહત્વ આપવામાં છે ?

A. સામ્યવાદી સરકાર
B. લોકશાહી સરકાર
C. રાજાશાહી સરકાર
D. સ્થાનિક સરકાર

8. લોકો પોતાની તરફેણમાં મતદાન કરે તે માટે કોણ સરકારનું સંચાલન કરે છે ?

A. સામ્યવાદી શાસકો
B. લોકશાહી શાસકો
C. રાજાશાહી શાસકો
D. સ્થાનિક શાસકો

9. લોકશાહીના મૂલ્યોનું જતન કઈ શાસન વ્યવસ્થામાં સારી રીતે થાય છે ?

A. સામ્યવાદી શાસન
B. લોકશાહી શાસન
C. રાજાશાહી શાસન
D. સ્થાનિક શાસન

10. સરકારનું કામ શું છે ?

A. ગુનેગારને પકડવાનું
B. કાયદામાં સુધારો કરવાનું
C. કાયદાઓ ઘડવાનું
D. ( ખ ) અને ( હ )

11. લોકશાહી શાસનમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કોની નિમણૂંક થાય છે ?

A. રાજાની નિમણૂંક
B. વડાપ્રધાનની નિમણૂંક
C. પ્રધાનની નિમણૂંક
D. ત્રણેય

12. કાયદાનું યોગ્ય અમલીકરણ ના થાય ત્યારે પ્રજા શું કરે છે ?

A. કાયદાને હાથમાં લે છે.
B. કાયદાને કોર્ટમાં પડકારે છે.
C. મુખ્યમંત્રની રજુઆત કરે છે.
D. ત્રણેય

# એકમ :- 16 સ્થાનિક સરકાર

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. તલાટી કમ મંત્રીના કાર્યાલયનું નામ જણાવો ?

A. ગ્રામ ઘર B. ગ્રામ સચિવાલય C. ગ્રામ મંદિર D. તમામ

2. સરપંચના કાર્યાલયનું નામ જણાવો. ?

A. ગ્રામ ઘર B. ગ્રામ સચિવાલય C. ગ્રામ મંદિર D. એકપણ નહી

3. ગામના પ્રથમ નાગરિક તરીકે કોણ ગણાય છે ?

A. તલાટી B. શિક્ષક C. સરપંચ D. તમામ

4. નગરપાલિકાની ચૂંટણીમાં કોણ મત આપી શકે છે ?

A. ગામના લોકો B. સમગ્ર તાલુકાના લોકો

C. શહેરના લોકો D. તમામ

5. નીચે જણાવેલ સ્થાનિક સ્વરાજ્યની કઈ ચૂંટણી સૌથી મહત્વની ગણાય ?

A. ગ્રામપંચાયત B. નગરપાલિકા C. મહાનગરપાલિકા D. તમામ

6. નીચે જણાવેલ કઈ ચૂંટણીમાં મત આપનારની આંગણી ઉપર શાહીનું નિશાન કરવામાં આવે છે. ?

A. ગ્રામપંચાયત B. વિધાનસભા

C. મહાનગરપાલિકા D. તમામ

7. ચૂંટણીમાં મતદાતાની આંગણી પર શાહીનું નિશાન શું દર્શાવે છે ?

A. મતાધિકારનો ઉપયોગ કરેલ છે B. પુનઃ વોટ આપી શકતા નથી

C. જાગૃત નાગરિક છે D. તમામ

8. સ્વરાજ એટલે કેવું રાજ્ય.?

A. સ્વચ્છ રાજ્ય B. સારુ રાજ્ય C. પોતાનું રાજ્ય D. તમામ

9. કોની ચૂંટણી વખતે ગામના તમામ લોકો વોટ આપી શકે છે ?

A. વોર્ડના સભ્ય B. તલાટી C. સરપંચ D. તમામ

10. ગ્રામપંચાયતની રચના માટે વસ્તીની સંખ્યા કેટલી હોવી જોઈએ ?

A. 400 થી 26000 B. 600 થી 24000 C. 500 થી 25000 D. 1 થી 25000

11. ગ્રામપંચાયતના લઘુતમ સભ્યો અને મહત્તમ સભ્યો કેટલા હોય ?

A. ઓછામાં ઓછા 6 અને વધુમાં વધુ 18 C. ઓછામાં ઓછા 8 અને વધુમાં વધુ 15

B. ઓછામાં ઓછા 8 અને વધુમાં વધુ 16 D. ઓછામાં ઓછા 6 અને વધુમાં વધુ 16

12. ગ્રામપંચાયતના વડા ને સરપંચ કહે તો ગામના વડા ને શું કહે છે ?

A. તલાટી B. મુખી C. સરપંચ D. પોલીસ પટેલ

13. સરપંચની ચૂંટણી કેટલા વર્ષે પુનઃ યોજાય છે ?

A. 2 વર્ષે B. 4 વર્ષે C. 5 વર્ષે D. 6 વર્ષે

14. ગ્રામપંચાયતમાં વોર્ડના સભ્યો કેટલા વર્ષે ફરી ચૂંટાઈ શકે છે ?

A. 2 વર્ષે B. 4 વર્ષે C. 5 વર્ષે D. 6 વર્ષે

15. ગામના સરપંચ કોણ બની શકે ?

A. ગામમાં સૌથી વધુ ભણેલ B. ગામમાં સૌથી તવંગર

C. ગામનો કોઈપણ મતદાર D. તમામ

16. ગ્રામપંચાયતના સભ્યોની ચૂંટણી માં કોણ વોટ આપે છે ?

A. સરપંચ B. તલાટી C. આખું ગામ D. વોર્ડના મતદારો

17. સરપંચની ચૂંટણીમાં વધુમાં વધુ કેટલા લોકો ઉમેદવારી કરી શકે ?

A. ઓછામાં ઓછા 2 B. વધુમાં વધુ 4

C. ગમે તેટલા D. વધુમાં વધુ 3

18. ગ્રામપંચાયતની આવક માટે કરવેરાની વસુલાતનું કામ કોણ કરે છે ?

A. સરપંચ B. તલાટી C. પટાવાળા D. કોઈપણ નહી

19. ગ્રામપંચાયતની આવકનું સાધન નથી.

A. પાણીવેરો B. મંદિર વેરો C. મિલકત વેરો D. સફાઈ વેરો

20. નાની ગ્રામપંચાયતને અનુદાન કોણ આપે છે ?

A. રાજ્ય સરકાર B. કેન્દ્ર સરકાર

C. a અને b બંને D. એક પણ નહી

21. ગામમાં કોઈના ઘરે બાળકનો જન્મ થાય ત્યારે જન્મ નોંધણી માટે ક્યાં જવું ?

A. બાળમંદિર B. ગ્રામપંચાયત

C. પ્રાથમિક આરોગ્યકેન્દ્ર D. પ્રાથમિક શાળા

22. ગામના રસ્તાઓમાં ગટરનું પાણી ઉભરાય છે તો સમારકામ કોણ કરાવશે ?

A. તાલુકા પંચાયત B. આરોગ્ય કેન્દ્ર

C. ગ્રામપંચાયત D. પ્રાથમિક શાળા

23. ગામની જમીનને લગતાં કામ અને રેકર્ડ નિભાવણી કોણ કરે છે ?

A. સરપંચ B. તલાટી કમ મંત્રી

C. ગ્રામપંચાયતના સભ્યો D. તમામ

24. ગામમાં થયેલ મરણનું સર્ટી મેળવવા ક્યાં જવું પડે ?

A. મામલતદાર કચેરી B. ગ્રામપંચાયત

C. તાલુકા પંચાયત D. શાળા

25. નીચેનામાંથી ગ્રામસભામાં હાજર કોણ કોણ હોય છે ?

A. સરપંચ B. શાળાના આચાર્ય

C. ગ્રામજનો D. તમામ

26. ગ્રામ સભાનું આયોજન વર્ષમાં ઓછામાં ઓછું કેટલી વાર થાય છે ?

A. દર ત્રણ માસે B. દર છ માસે C. દર બે વર્ષે D. દર ચાર માસે

27. ગ્રામસભા કોના અધ્યક્ષ સ્થાને યોજાય છે ?

A. પ્રાથમિક શાળા આચાર્ય B. ગામના વડીલ વ્યક્તિ

C. સરપંચ D. માધ્યમિક શાળા આચાર્ય

28. ગ્રામસભાની ચર્ચામાં કોણ કોણ ભાગ લઈ શકે ?

A. તલાટી B. સરપંચ

C. સભામાં ઉપસ્થિત ગ્રામજનો D.તમામ

29. સમરસ ગ્રામપંચાયત થી કયા લાભ થાય છે ?

A. ગામમાં સંપ રહે B. ગામનો વિકાસ થાય

C. વિશેષ અનુદાન મળે D. તમામ

30. ગ્રામપંચાયતને સમરસ ગ્રામપંચાયત માત્ર કેટલી વાર જાહેર કરી શકાય ?

A. માત્ર એકવાર B. માત્ર બે વાર

C. માત્ર ચાર D. અનેક વાર

31. તાલુકા પંચાયત માટે કયું સાચું નથી ?

A. બધા તાલુકાઓની એક પંચાયત B. સમગ્ર તાલુકાની પંચાયત

C. મહાપંચાયત D. તમામ

32. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પાયાનો એકમ કયો છે ?

A. જિલ્લા પંચાયત B. તાલુકા પંચાયત

C. ગ્રામપંચાયત D. પ્રાથમિક શાળા

33. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બીજા સ્તરનો એકમ કયો છે ?

A. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર B. તાલુકા પંચાયત

C. જિલ્લા પંચાયત D. પ્રાથમિક શાળા

34. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ત્રીજા સ્તરનો એકમ કયો છે ?

A. વિધાનસભા B. તાલુકા પંચાયત

C. જિલ્લા પંચાયત D. વિધાન પરિષદ

35. તાલુકા પંચાયતમા ચુંટાયેલા સભ્યોની સંખ્યા કેટલી હોય છે ?

A. ઓછામાં ઓછા 16 અને વધુમાં વધુ 35

B. ઓછામાં ઓછા 14 અને વધુમાં વધુ 32

C. ઓછામાં ઓછા 15 અને વધુમાં વધુ 30

D. ઓછામાં ઓછા 16 અને વધુમાં વધુ 32

36.ગ્રામપંચાયતમાં વોર્ડના સભ્યોમાં 50% મહિલાઓ માટે અનામત બેઠક હોય છે ,તો તાલુકા પંચાયતના કુલ સભ્યોમાંથી મહિલાઓ માટે કેટલા ટકા અનામત બેઠકો હોય ?

A. 60%    B. 35%

C. 45%    D. 50%

37. તાલુકા પંચાયતના સભ્યો માટેની ચૂંટણીમાં વોટ કોણ આપી શકે છે ?

A. સમગ્ર તાલુકાના મતદારો    B. નાના ગામના મતદારો

C. નગર પાલિકાના મતદારો    D. મોટા ગામના મતદારો

38. તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં કોણ મત આપે છે ?

A. તાલુકાના દરેક ગામના સરપંચો    B. તાલુકાના દરેક ગામના લોકો

C. તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો    D. તાલુકા પંચાયતના કર્મચારીઓ

39. T.D.O એટલે કોણ ?

A.Taluka Director Officer    B. Taluka Development Officer

C.Taluka Dividend Officer    D. Taluka Department Officer

40. તાલુકા પંચાયતના વહીવટી વડા કોણ છે ?

A. મામલતદાર    B. ચેરમેન

C.પ્રમુખ    D. તાલુકા વિકાસ અધિકારી

41. નીચે પૈકી કયું કાર્ય T.D.O.ના કાર્યક્ષેત્રમાં નથી આવતું ?

A. તાલુકા પંચાયતના ઠરાવ અમલ કામગીરી

B. તાલુકા પંચાયત કર્મચારીઓના કામગીરી દેખરેખ

C. તાલુકાની જમીન બાબતે કામગીરી

D. તાલુકા પંચાયત વાર્ષિક અંદાજપત્ર કામગીરી

42. તાલુકા પંચાયતનું કાર્ય નીચે પૈકી કયું છે ?

A. તાલુકામાં સ્વાસ્થ્ય અને આરોગ્ય વિષયક સેવા    C. પ્રાથમિક શાળાની સ્થાપના સંચાલન

B. ગ્રામ્ય માર્ગ નિર્માણ અને જાળવણી    D. ઉપરોક્ત તમામ

43. કોઈપણ ગામ તીર્થગ્રામ કઈ રીતે બને છે ?

A. ગામ સ્વચ્છ હોય

B. ગામમાં કન્યાકેળવણીનો દર ઊંચો અને ડ્રોપ આઉટ દર નીચો

C. કેફી દ્રવ્યોના વેચાણ કે ઉત્પાદન ઉપર પ્રતિબંધ

D. તમામ

44. તીર્થ ગ્રામ અને પાવન ગ્રામ યોજનામાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

A. ગામમાં કોઈ ગુનો થયેલ ન હોય    C. ગામમાં ધાર્મિક લોકોની સંખ્યા વધુ

B. ગામમાં તીર્થસ્થાનોની સંખ્યા વધુ હોય    D. ગામમાં પવન ઊર્જાનો ઉપયોગ થતો હોય

45. જિલ્લા પંચાયતની સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

A. ઓછામાં ઓછા 30 અને વધુમાં વધુ 52    C. ઓછામાં ઓછા 32 અને વધુમાં વધુ 60

B. ઓછામાં ઓછા 32 અને વધુમાં વધુ 52    D. ઓછામાં ઓછા 30 અને વધુમાં વધુ 60

46. જિલ્લા પંચાયતના કુલ સભ્યોમાંથી મહિલાઓ માટે કેટલા ટકા બેઠકો અનામત હોય છે ?

A. 60% B. 35%

C. 45% D. 50%

47. જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની પસંદગી કોણ કરી શકે છે.

A. જિલ્લાના લોકો B. રાજ્યપાલ

C. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો D. કલેક્ટર

48. જિલ્લા પંચાયતની મુદત કેટલા વર્ષની હોય છે ?

A. 5 વર્ષ B. 5.5 વર્ષ C. 2.5 વર્ષ D. 6 વર્ષ

49. જિલ્લા પંચાયતની સમિતિઓ કઈ છે ?

A. કારોબારી સમિતિ B. સામાજીક અને ન્યાય સમિતિ

C. શિક્ષણ સમિતિ D. ઉપરોક્ત તમામ

50. જિલ્લા પંચાયતના વહીવટી વડા કોણ છે ?

A. D.D.O B.કલેક્ટર C. જિલ્લા પ્રમુખ D. ચેરમેન

51. D.D.O એટલે કોણ ?

A. District Development Organization

B. District Development Office

C. District Deputy Officer

D. District Development Officer

52. ડી.ડી.ઓ.નું આખું નામ શું ?

A. જિલ્લા વ્યવસ્થાપક અધિકારી B. જિલ્લા વેચાણ અધિકારી

C. જિલ્લા વિકાસ અધિકારી D. જિલ્લા શિક્ષણ વિકાસ અધિકારી

53. સમાજના નબળા વર્ગને ન્યાય અપાવવાનું કામ કઈ સમિતિ કરે છે ?

A. શિક્ષણ સમિતિ B. કારોબારી સમિતિ

C. સામાજિક ન્યાય સમિતિ બાંધકામ D. બાંધકામ સમિતિ

54. મહાનગરપાલિકા ધરાવતા શહેરોમાં વસ્તીની સંખ્યા કેટલી હોય છે ?

A. 6 લાખથી વધુ B. 10 લાખથી વધુ

C. 7 લાખથી વધુ D. 5 લાખથી વધુ

55. સામાન્ય રીતે સ્થાનિક સ્વરાજની કઈ સંસ્થામાં ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે ?

A. જિલ્લા પંચાયત B. તાલુકા પંચાયત C. ગ્રામપંચાયત D. તમામ

56. નગરપાલિકામાં કુલ સભ્ય સંખ્યા ઓછામાં ઓછી કેટલી હોય છે ?

A. 25 B. 28 C. 30 D. 20

57. નગરપાલિકાના અધ્યક્ષનો વહીવટી કાર્યકાળ કેટલા વર્ષ હોય છે ?

A. 2 વર્ષ B. 2.5 વર્ષ C. 5 વર્ષ D. 6 વર્ષ

58. નગરપાલિકાના વહીવટી વડા કોણ છે ?

A. પ્રમુખ B. ચીફ ઓફિસર C. તાલુકા વીકાસ અધિકારી D. એક પણ નહી

59. કોર્પોરેટર (કાઉન્સિલર) એટલે કોણ ?

A. નગર પાલિકા પ્રમુખ B. નગર પાલિકા સભ્ય C. મહાનગર પાલિકા પ્રમુખ D. મહાનગર પાલિકા સભ્ય

60. નગરપાલિકા અને મહાનગરપાલિકાના દરેક વોર્ડમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

A. 3 B. 4 C. 6 D. 8

61. મેયર એટલે કોણ ?

A. મહાનગર પાલિકા વહીવટી વડા B. મહાનગરપાલિકા અધ્યક્ષ

C. મહાનગરપાલિકા સભ્ય D. એક પણ નહી

62. રાજ્ય સરકારે નિમેલા મ્યુનિસિપલ કમિશનર એટલે કોણ ?

A. મહાનગર પાલિકા વહીવટી વડા B. મહાનગર પાલિકા પ્રમુખ

C. નગર પાલિકા વહીવટી વડા D. કલેક્ટર

63. કલેક્ટર ઓફિસ ક્યાં નામે ઓળખાય છે ?

A. જિલ્લા પંચાયત B. જિલ્લા સેવા સદન

C. જિલ્લા ન્યાયાલય D. જિલ્લા સેવા ભવન

64. ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ એટલે કોણ ?

A. જિલ્લા પ્રમુખ B. મ્યુનિસિપલ કમિશનર C. કલેક્ટર D. મામલતદાર

65. કોઈપણ ગામની ગ્રામપંચાયતના સભ્ય સંખ્યા અને સરપંચ માટે અનામત બેઠક નક્કી કોણ કરે છે ?

A. મામલતદાર B. તલાટી

C. ટી.ડી.ઓ. D. કલેક્ટર

66. તાલુકા સ્તરે શાળાઓમાં અપાતા મધ્યાન ભોજન યોજનાનું સંચાલન કોણ કરે છે ?

A. તાલુકા પ્રમુખ B. ચીફ ઓફિસર C. મધ્યાહન ભોજન ક્લાર્ક D. મામલતદાર

67. દરેક ગામોમાં મતદાર યાદી તૈયાર કરાવવાની જવાબદારી કોની હોય છે ?

A. તલાટી B. સરપંચ C. બી.એલ.ઓ શિક્ષક D. મામલતદાર

68. લોક અદાલતમાં ન્યાય મેળવવા કોર્ટ ની ફી કેટલી હોય છે ?

A. 100 B. 200 C. 0 D. 500

69. ગુજરાત રાજ્યમાં કુલ મહાનગર પાલિકા કેટલી છે ?

A. 5 B. 7 C. 8 D.10

70. ગુજરાત રાજ્યનાં ક્યાં શહેરમાં મહાનગર પાલિકા નથી ?

A. રાજકોટ B. સુરત C. નવસારી D.વડોદરા

# એકમ :- 17 જીવન નિર્વાહ

1.રોજગારી મેળવવા માટે નીચે પૈકી કઈ બાબત હાલના સમયમાં મહત્વની ગણવામાં આવે છે?

A. નાણાં B. શિક્ષણ C. કૌશલ્યો D. ઓળખાણ

2. મનુષ્યને જીવન નિર્વાહ કરવા માટે શાની જરૂર પડે છે?

A. પોશાક B. મકાન C. મિત્રો. D. આવક

3. ખેતીકામમાં નીચે પૈકી કઈ મુશ્કેલીઓ જોવા મળે છે ?

A. ખેતી લાયક વરસાદનો અભાવ B. સિંચાઇ વ્યવસ્થા

C. ખેતીકામના આધુનિક સાધનોનો અભાવ D. આપેલ તમામ.

4. આપણા રાજ્યમાં ખેડૂતોને વૈજ્ઞાનિક અને આધુનિક ખેતી બાબતે માર્ગદર્શન આપવા માટે સરકાર દ્વારા કયો કાર્યક્રમ ચાલે છે ?

A. કૃષિ મહોત્સવ B. ગરીબ કલ્યાણ મેળા

C. ખેત તલાવડી નિર્માણ D. કિસાન પરિવહન યોજના.

5. બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે પૈકી કયા પાક ની વધારે પ્રમાણમાં ખેતી કરવામાં આવે છે ?

A. કપાસ B. બાજરી C. ઘઉં D. શેરડી.

6.વરસાદના આધારે થતાં પાકની લણણી સામાન્ય રીતે કયા સમયે થાય છે ?

A. જૂન - જુલાઇ B. એપ્રિલ - મે

C. નવેમ્બર - ડિસેમ્બર D. જુલાઇ - ઑગસ્ટ

7. ખેત મજુર માટે નીચે પૈકી કયા વિધાનો સાચા છે તે જણાવો.

1. મોટાભાગે જમીન વિહોણા લોકો ખેત મજૂરી માં જોડાય છે

2. દેશમાં મોટાભાગના ગામોમાં આ પ્રકારના ખેડૂતોની સંખ્યા વધારે છે.

3. ખેત મજૂરીમાં આવકનું પ્રમાણ ખૂબ સારું હોય છે.

4. ખેત મજૂરોના પરિવારોને ગુજરાન ચલાવવા માટે અન્ય વ્યવસાયોમાં પણ જોડાવું પડે છે.

A. ફક્ત 1 અને 2 B. ફક્ત 1,2 અને 4

C. ફક્ત 3 D. આપેલ તમામ.

8.ખેતી : ખેડૂત , ઔધોગિક વસાહત : ......................

A. પશુપાલક B. ખાદ્ય ઉત્પાદક C. મજૂર D. જમીનદાર.

9. વસ્તુ સામે વસ્તુ આપવાના વેપારને કયા નામે ઓળખવામાં આવે છે ?

A. હેરાફેરી B. અદલા બદલી C. વિનિમય D. સાટા પધ્ધતિ.

10. નીચે આપેલ જોડકાં માટે સાચો વિકલ્પ પસંદ કરો.

| વિભાગ A. | વિભાગ B. |
|---|---|
| 1. ગામડાનું જીવન | a. એક કરતા વધારે રીતે કમાઈ શકે છે. |
| 2. શહેરી જીવન | b. બારેમાસ કામ ન પણ મળે. |
| 3. ખેત મજૂરી | c. રોજીરોટી મેળવવી મુશ્કેલ |
| 4. કૌશલ્ય આધારિત કામ. | d. પર્યાવરણ સાથે જીવન નિર્વાહ. |

A. ( 1 - d ), (2 - c ) , (3 - b ), (4 - a ) B. ( 1 - b ), (2 - d ) , (3 - c ), (4 - a )

C. ( 1 - a ), (2 - b ) , (3 - c ), (4 - d ) D. ( 1 - c ), (2 - a ) , (3 - b ), (4 - d )

11. રોડ ઉપરની દુકાનો કે રોડની આસપાસ કામ કરનારાઓના કારણે શહેરોમાં કઈ સમસ્યા જોવા મળે છે ?

A. બેરોજગારીની B. ચીજ વસ્તુઓની અછત થવાની

C. ચોરીની D. ટ્રાફીકની

12. નીચે પૈકી કયો વ્યવસાય સામૂહિક કાર્ય દર્શાવે છે?

A. રિક્ષા ચલાવવી B. શાકભાજીની લારી કાઢવી

C. ફેક્ટરીમાં મજૂરી કામ D. કપડાં સીવવા.